# સહજ-સત્સંગ

અંક : ૨૭૯ વર્ષ : ૨૪ તંત્રી : માનસિંહભાઈ ચાવડા માર્ચ - ૨૦૧૨





## મલ્લિકાર્જુનમ્

(કૃષ્ણ નદી તીરે આંધ્રપ્રદેશ)



# મા મીરાંબિકા

What cannot be done today
Will surely be done later on.
No effort for progress has
ever been for made invain.

- The Mother

**અવિનાશી પ્રયત્નો**

ભાવાનુવાદ

જે ન થાય આજ વળી, તે કરવાનું છે પછી,
વિકાસના યત્નો બધાં, ન વ્યર્થ જાએ એ સાચી મતિ.

**- શ્રી માતાજી**

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૩૧ જુલાઈ ૧૯૧૪)



મને એમ લાગે છે કે તારો સંકલ્પ એવો છે કે મને એક પછી એક એવી સૌ અનુભૂતિમાંથી પસાર કરાવવી, જે સામાન્ય રીતે એક યોગના શિખરે એની ચરમસીમા તરીકે અને પૂર્ણ ઉપલબ્ધિ તરીકે મૂકવામાં આવે છે. આ અનુભૂતિ સઘન, સંપૂર્ણ, સચોટ છે અને એની અંદર એ એની સર્વ અસરોનું, એનાં સર્વે પરિણામોનું જ્ઞાન ધારણ કરે છે.

એ એક પદ્ધતિસરના પ્રયત્નમાંથી પ્રાપ્ત થાય છે..... એ એક લાંબા માર્ગ ઉપર મૂકેલા એક માઈલના પથ્થર સરખી છે..... આ માઈલના પથ્થરો જે એક અનંત-આરોહણના તબક્કાઓની નિશાનીરૂપ હોય છે..... શું એવી કોઈ ક્ષણ આવશે, જ્યારે આ સ્વરૂપમાં તું એવી ક્ષમતા મૂકશે કે જેને લઈને તે આ બધા અસંખ્ય અનુભવો વચ્ચે એકરાગ આણે, જેને લઈને તે એમનામાંથી એક..... સુંદર સિદ્ધિને પ્રગટાવી શકે ?..... તેં મને શીખવાડ્યું છે કે કોઈ.....અવસ્થા આવીને ચાલી જાય તો..... કોઈ જાતનો શોક ન કરવો.... હું એમાં એક હેતુપૂર્વક કરવામાં આવેલી આગેકૂચનો પુરાવો જોઉં છું...

દરેક સમયે તું મને થોડુંક વધારે સમજાવે છે કે આવિર્ભાવનાં સાધનો મર્યાદિત છે એનું કારણ કેવળ એટલું જ અમે એમ ધારીએ છીએ..... દરેક વખતે તારા અમેય સ્વરૂપમાંની કોઈ વસ્તુ..... આ કરણ સાથે એકીભૂત બને છે અને મર્યાદિત ક્ષિતિજો ઉપર એનાં દ્વારોને જોશભેર ખુલ્લાં મૂકે છે.

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (સમગ્ર-અનુભૂતિની તૈયારી) | ૧ |
| **શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન** | ૪ |
| **માતૃવાણી** (ધ્યાનના બે તબક્કાની પ્રક્રિયા) | ૮ |
| **સાવિત્રી** (દિવ્ય-સંકલ્પનું જ્ઞાન) | ૧૧ |
| **યોગ વિષે પત્રો** (ગૌતમબુદ્ધ અને શ્રી અરવિન્દ) | ૧૫ |
| **વેદવિજ્ઞાન** (જીવનયજ્ઞની તૈયારી) | ૧૯ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (માયાવાદ અને નિર્વાણ) | ૨૧ |
| **યોગ પર દીપ્તિઓ** (સત્ય-સ્વરૂપનો સાક્ષાત્કાર) | ૨૪ |
| **વેદનું રહસ્ય** (વેદની શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રની પદ્ધતિ) | ૨૬ |
| **સાંજના વાર્તાલાપો** (યોગમાં યશસ્વી થવાની શરતો) | ૩૨ |
| **ઉપનિષદોનું અમૃત** (કોષિતકી વિદ્યા) | ૩૪ |
| **સર્વાંગી આરોગ્ય** (આધ્યાત્મિક - બળો દ્વારા રોગ-નિવારણ) | ૩૭ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (અભેદબુદ્ધિની કરામત) | ૪૧ |
| **સુંદર કથાઓ** (પ્રભુનું બાળક) | ૪૩ |
| **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (સાચો શિક્ષક કેવો હોય છે ?) | ૪૪ |
| **આગામી-ભાવિ ()** | ૪૫ |
| **સુન્દરમ્ એટલે સુન્દરમ્** | ૪૬ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી** | કવરપેજ ૪ ઉપર |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
અંક : ૨૭૯ વર્ષ : ૨૪
માર્ચ - ૨૦૧૨

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
**(કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ) ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઑર્ડરથી**
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ-રાજકોટ'** ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)**



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# સમગ્ર અનુભૂતિની તૈયારી

(પૃ.૧૫૭-૧૫૮)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજી કહે છે પ્રભુનું માતાજીને વિકસાવવા માટે જે આયોજન છે તેના ભાગ તરીકે તેમને વિવિધ અનુભૂતિઓમાંથી પસાર કરવામાં આવી રહ્યાં છે. તે દરેક અનુભૂતિને તે યોગમાં અંતિમ અનુભૂતિ ગણેલી હોય છે. તે એક નક્કર અને સંપૂર્ણ અનુભૂતિ હોય છે અને તેના પરિણામો બાબતનું જ્ઞાન પણ આપવામાં આવે છે. પણ આ બધાં પ્રભુ પ્રત્યેના માર્ગમાંના માઇલસ્ટોન જેવા છે. અનુભૂતિ લેવાની છે અને તેને પાર કરીને આગળ જવાનું હોય છે.

તે માટે ખૂબ જ આયોજનબદ્ધ અભ્યાસ અને તપની જરૂરી હોય છે. તે ખાસ અનુભૂતિ અન્ય અનુભવની જેમ સ્વતંત્ર લાગે છે પણ તેમ નથી. તે બધી જોડાએલી અનુભૂતિઓ છે અને તે બધી અંતે એક વિશેષ ક્ષમતા કે સિદ્ધિ અપાવે છે. પણ તે અનુભૂતિ તે પછી ચાલી જાય તો તે માટે દુઃખ માનવાની જરૂર નથી. તે ભવિષ્યની પ્રગતિનો પાયો બની શકે છે. એક આગેકદમ કાંઈક વધારે સમજાવે છે. આપણને એમ લાગે છે કે આપણી પાસે પ્રભુના આવિર્ભાવ કરતાં સાધનો ઓછાં છે પણ આપણે તેમને ઓછાં ધારીએ છીએ એ જ ભૂલ છે. તે જ સાધનો દ્વારા પ્રભુની અનંતતામાં અસરકારક રીતે સહભાગી થઇ શકીએ છીએ. આપણા શરીર દ્વારા જે વિવિધતા અનુભવાય, તે અંતે પ્રભુની અનંતતા સાથે એકરૂપ થાય છે. માતાજી જણાવે છે કે ત્યારે તેઓ સાધનાના માર્ગમાં અગ્રેસર થતા દેખાય છે. તેમના સ્વરૂપની મર્યાદિત સીમાઓ ભૂંસાઇને એકરૂપ બની જાય છે.

# શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન

- જ્યોતિબહેન થાનકી

શ્રી માતાજી પૃથ્વી ઉપર આવ્યાં અને પૃથ્વીના અંધકારમય ભવિષ્યને તેજોમય બનાવી દીધું. દુઃખથી પીડાતી, મૃત્યુથી ફફડતી માનવજાતિને અમરતાનો માર્ગ કંડારી આપ્યો. અજ્ઞાન, અંધકાર, ભેદ અને તમસથી આવૃત્ત, યુગોથી નિમ્ન-ચેતનામાં ડૂબેલી માનવપ્રકૃતિને દિવ્યતાનું વરદાન મળ્યું. ઉત્ક્રાંતિનાં ત્રણ પરિણામો, જડતત્ત્વ, પ્રાણતત્ત્વ અને મનસતત્ત્વમાં ચતુર્થ પરિમાણ અતિમનસ તત્ત્વનું પ્રાકટ્ય થતાં સમગ્ર માનવજાતિને માટે પ્રેમ, પ્રકાશ, આનંદ, જ્ઞાન અને સંવાદિતાસભર નવી સૃષ્ટિની ભૂમિકા ઉપર રચાઈ. નવું, દિવ્ય, ભવ્ય અને સંવાદિતામય જગત સૂક્ષ્મ-ભૂમિકા ઉપર રચાઈ ગયું અને હવે માનવજાતિની સજ્જતાને આંતરિક તૈયારી થતાં એ સ્થૂલ ભૂમિકા ઉપર પણ પ્રકટ થવાની શક્યતા બની આવી.

શ્રી માતાજીએ સમગ્ર માનવજાતિને પોતાની ચેતનામાં ધારણ કરીને પૃથ્વી ઉપર પ્રભુનું સામ્રાજ્ય સ્થાપવા જે ભગીરથ સાધના કરી, એ અજોડ છે. એમણે માનવજાતિને માટે શું કર્યું છે, એ આપણે આપણા નાનકડા મનથી મૂલવી શકીએ નહીં. આપણે માત્ર આપણી ભૌતિક આંખોથી જે કંઈ દેખાય એટલું જ જાણી શકીએ છીએ અને એ પણ સીમિત અને સપાટી પરનું. એ તો શ્રી માતાજી કૃપા કરી આપણને એ દૃષ્ટિ આપે, એ આંતરસમજ આપે, એમના પ્રત્યે આપણી ચેતનાનું ઉદ્‌ઘાટન થાય તો જ આપણે એમના પ્રદાનને સમજી શકીએ, એમના વિરાટ-કાર્યની કંઈક ઝાંખી મેળવી શકીએ. શ્રી માતાજીને આપણે પ્રાર્થના કરીએ કે આપણને એવી શક્તિ અને સમજ આપે. શ્રી માતાજી વિષે આપણે કંઈ પણ બોલીએ કે વિચારીએ, એથી એમની એ વિરાટ-ચેતનામાં કંઈ જ ફરક પડતો નથી. એ મહાશક્તિ તો એની એ જ રહે છે. અને એ પોતાની રીતે પોતાના દિવ્યસ્વરૂપ દ્વારા અવિરત કાર્ય કરતી જ રહે છે પણ એમના વિષે વાત કરતાં એટલું તો જરૂર થાય છે કે આપણી ચેતનાનું એમની ચેતના સાથે અનુસંધાન થઈ જાય છે. તેના પરિણામે આપણને પહેલાં જે નહોતું

સમજાતું એ સમજાવા લાગે છે. નહોતું દેખાતું તે દેખાવા લાગે છે. આપણી સામાન્ય ચેતના ઊર્ધ્વચેતનામાં આરોહિત થવા લાગે છે, અને એ જ તો છે એમની ચેતના સાથેના અનુસંધાનનું પરિણામ, એમની સૂક્ષ્મ હાજરીનો પ્રભાવ.

શ્રી માતાજી ભલે પૅરિસમાં જન્મ્યાં. ત્યાંના ભૌતિક વાતાવરણમાં ઊછર્યાં, પણ નાનપણમાં થયેલાં આધ્યાત્મિક દર્શનોદ્વારા એમને પ્રતીતિ થઈ ગઈ હતી કે પૃથ્વી ઉપર તેમણે મહાન કાર્ય કરવાનું છે. શૈશવ અને કિશોરવસ્થામાં આ મહાન કાર્યની ઝાંખી પણ એમને થવા લાગી હતી. તેમણે પોતે જ એક વાર્તાલાપમાં શ્રી અરવિન્દ-આશ્રમનાં બાળકોને કહ્યું હતું કે, ''હું પાંચ વર્ષની હતી ત્યારે હું સભાન હતી કે હું આ જગતની નથી.'' આ કિશોરાવસ્થામાં પોતાના આંતિરક વિકાસની વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, ''અગિયાર અને તેર વર્ષના ગાળામાં ચૈત્ય-ભૂમિકાની અને આધ્યાત્મિક-અનુભૂતિઓની પરંપરા જાગ્રત થઈ. આથી ભગવાનના અસ્તિત્વનું જ નહીં પણ મનુષ્ય ભગવાનને મળી શકે છે, અને પોતાની ચેતના અને કર્મમાં પ્રભુને વ્યક્ત કરી શકે છે એ વાતનું મને પ્રત્યક્ષ જ્ઞાન થયું.'' તેથી ભગવાનને મળવાની અને રોજિંદા જીવનમાં અભિવ્યક્ત કરવાની એમની ઝંખના ઉત્તરોત્તર પ્રબળ બનતી ગઈ. આધ્યાત્મિક વિકાસની સાથે સાથે અભ્યાસ, ચિત્રકલા, સંગીત, નૃત્ય અભિનય વગેરે કલાઓનું શિક્ષણ પણ તેમણે પ્રાપ્ત કર્યું. સૂક્ષ્મ જગતનાં રહસ્યોનો તાગ મેળવવા અને તેના પર પ્રભુત્વ મેળવવા તે સમયના પ્રખર ગુહ્યવિદ્ થેંઓ પાસે ગુહ્યવિદ્યામાં પણ નિપુણ બન્યાં. પરંતુ તેમનું અંતર જે ઝંખતું હતું, તે આ બધામાંથી પ્રાપ્ત ન થયું. એમનું અંતર ઝંખતું હતું કે પ્રભુના સામ્રાજ્યની પૃથ્વી ઉપર સ્થાપના થાય. પૃથ્વી ઉપર પ્રભુની સાચી શાંતિ સ્થપાય. સહુ મનુષ્યો આત્માના બળે એક બની રહે. એમની આવી ઝંખનાને જોઇને ગુહ્યવિદ્ થેંઓનાં ગુહ્યવિદ્ પત્ની આલ્માએ એમને કહ્યું હતું કે, ''તું જે ઝંખે છે એ તારી સાધનાનું અંતિમ લક્ષ્ય તો મહાન ગુરુ તને મળશે ત્યારે જ સિદ્ધ થશે.'' અને એમના અંતરની ઉત્કટ અભીપ્સા એમને ભારતમાં શ્રી અરવિન્દ પાસે લઈ આવી. માનવ-ચેતનાના દિવ્ય-રૂપાંતરની શ્રી અરવિન્દની સાધનામાં તેઓ જોડાઈ ગયાં, કેમ કે એ તો એમની પણ સાધના હતી. આ વિષે એમણે કહ્યું કે, ''હું શ્રી અરવિન્દને મળવા માટે હિંદમાં આવી. શ્રી અરવિન્દ સાથે રહેવા માટે હિંદમાં રહી ગઇ. એમણે દેહ છોડ્યો ત્યારે તેમનું કાર્ય કરવા માટે મેં અહીં રહેવાનું ચાલુ રાખ્યું અને એ કાર્ય છે, સત્યની સેવા કરીને, માનવજાતિને પ્રકાશ આપીને પૃથ્વી ઉપર પ્રભુના પ્રેમનું

સામ્રાજ્ય ઝડપથી સ્થપાય તેમ કરવું.'' માનવજાતિને પ્રકાશ આપવાનું, તેનું દિવ્ય-રૂપાંતર કરવાનું, પૃથ્વી ઉપર પ્રભુના સામ્રાજ્યની સ્થાપના કરવાનું શ્રી અરવિન્દનું અને શ્રી માતાજીનું કાર્ય એક જ હતું, આથી શ્રી માતાજીના આગમનથી દિવ્ય-રૂપાંતરના કાર્યને વેગ મળ્યો; એટલું જ નહીં પણ શ્રી અરવિન્દની અને તેમની જગત-પરિવર્તન માટેની મહાન સાધનાની જગતને ખબર પડી. શ્રી માતાજીનું મોટામાં મોટું એક પ્રદાન તો તેમણે વિશ્વને શ્રી અરવિન્દની સાચી ઓળખ આપી એ છે.

**શ્રી માતાજીનું પ્રદાન - વિશ્વને કરાવેલો શ્રી અરવિન્દનો પરિચય :**

અત્યાર સુધી કોઈનેય ખબર ન હતી કે શ્રી અરવિન્દ કેટલા મહાન છે અને તેઓ યુગ-પરિવર્તનની કેવી સાધના કરી રહ્યા છે. અલબત્ત, શ્રી અરવિન્દ લોકોથી અપરિચિત તો નહોતા જ. ભારતના અને ઈંગ્લેન્ડ-અમેરિકાના લોકો તેમને પ્રખર દેશભક્ત અને સ્વાતંત્ર્ય-સંગ્રામના ઉગ્રવાદી નેતા તરીકે ઓળખતા હતા. એમાં ય અલીપુર જેલમાં એક વર્ષ દરમિયાન તેમની પ્રસિદ્ધિ ચોતરફ પ્રસરી ચૂકી હતી. પણ તેમાં દેશભક્તિ મુખ્ય હતી. સાધના તો પશ્ચાદ્ભૂમિમાં રહેલી હતી. કેટલાય લોકો તો તેમને બ્રિટિશ સરકારની ધરપકડના ભયથી પૉંડીચેરી જઇને વસેલા રાજદ્વારી નેતા તરીકે ઓળખતા હતા. અરે, પૉંડીચેરીમાં તેમની સાથે રહેલા તેમના નિકટના શિષ્યોના તેઓ ગુરુ હતા, મિત્ર હતા, પ્રેમાળ માર્ગદર્શક હતા; પણ તેઓ શેની સાધના કરી રહ્યા છે, તે તેઓ પણ જાણતા ન હતા. તેઓ પણ શ્રી અરવિન્દને ઓળખી શક્યા નહોતા.

૧૯૧૪ની ૨૯મી માર્ચે બપોરે ૩.૩૦ વાગ્યે શ્રી માતાજી શ્રી અરવિન્દને મળ્યાં અને પ્રથમ દૃષ્ટિમાં જ તેઓ શ્રી અરવિન્દને ઓળખી ગયાં. તેમણે શ્રી અરવિન્દમાં સાક્ષાત્ પરમાત્માને નિહાળ્યા. તેમને ખાતરી થઈ ગઇ કે તેઓએ ધ્યાનમાં આવીને માર્ગદર્શન આપી જતા ગુરુ કે જેમને વર્ષો પહેલાં શ્રીકૃષ્ણ નામ આપ્યું હતું એ જ હવે સાક્ષાત્ સન્મુખ છે. બીજે દિવસે પોતાની ડાયરીમાં તેમણે લખ્યું : ''જગતમાં ભલે હજારો લોકો અજ્ઞાન અને અંધકારમાં ડૂબેલા હોય, પણ હવે અમને એની ચિંતા નથી. ગઈકાલે અમને જેનું દર્શન થયું છે એમની હાજરી પોતે જ એ વસ્તુ સિદ્ધ કરવાને પૂરતી છે કે જ્યારે ગહનમાં ગહન અંધકાર પણ પ્રકાશમાં પલટાઈ જશે અને પૃથ્વી ઉપર તારું શાસન અવશ્ય સ્થપાશે.''

શ્રી માતાજીએ પ્રથમ દૃષ્ટિમાં જ શ્રી અરવિન્દમાં ગહનમાં ગહન અંધકારને

ઓગાળીને પ્રકાશમાં પલટાવી નાંખે એવી પરમાત્માની દિવ્ય-ચેતનાને સદેહે નિહાળી અને તેમને ખાતરી થઇ ગઇ કે ભલે અત્યારે પૃથ્વી ઉપર અજ્ઞાન, અંધકાર અને જડતા વ્યાપેલાં હોય, પણ હવે તેની ચિંતા નથી કેમ કે પરમાત્મા પોતે જ પોતાનું શાસન સ્થાપવા માટે અઘોર તપશ્ચર્યા કરી રહ્યાં છે ! પૃથ્વીને સ્વર્ગ બનાવનારી રૂપાંતરકારી શક્તિ હવે સક્રિય બની ગઇ છે ! આ નક્કર અનુભૂતિ થતાં શ્રી માતાજીએ શ્રી અરવિન્દના ચરણોમાં સંપૂર્ણ સમર્પણ કરી દીધું. અત્યાર સુધી પોતે જે કંઈ સાધનાઓ કરી હતી, સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી તથા જગતની પોતાની યોજનાઓ હતી એ સર્વ કંઈ શ્રી અરવિન્દના ચરણોમાં મૂકી દીધું અને તે પણ એક પણ શબ્દના આદાનપ્રદાન વગર. પોતે નવજાત શિશુ સમા બની રહ્યાં. આ સંપૂર્ણ સમર્પણ કેવું હોય ! એ શ્રી માતાજીએ આપણને શીખવ્યું છે. આ વિષે શ્રી અરવિન્દે પણ કહ્યું હતું કે, ''આ પહેલો પ્રસંગ હતો, જ્યારે મેં જાણ્યું કે છેક અંતિમ શરીર-કોષ સુધીનું સમર્પણ મનુષ્યદેહે શક્ય છે. શ્રી માતાજી અહીં આવ્યાં અને મને પ્રણામ કર્યા ત્યારે મેં એ પૂર્ણ સમર્પણને કાર્યરૂપમાં પ્રગટ થતું જોયું.''

આ સંપૂર્ણ સમર્પણની વાત શ્રી માતાજીએ 'પ્રાર્થના અને ધ્યાન'ની ડાયરીમાં રાધાની પ્રાર્થનારૂપે આલેખી છે -

''તારું પ્રથમ દર્શન મળતાં જ મને જણાયું કે તું જ મારા જીવનનો સ્વામી છે. તું જ મારો દેવ છે. મારા સમર્પણનો સ્વીકાર કર. મારા સર્વ વિચારો, મારી સર્વ લાગણીઓ, મારા હૃદયની સર્વ ઊર્મિઓ, મારા જીવનની સર્વ ક્રિયાઓ, સર્વ સંવેદનો, મારા દેહનું પ્રત્યેક અણુ, મારા રક્તનું પ્રત્યેક બિંદુ, સર્વ કંઈ તારું જ છે. હું તારી છું, સર્વ ભાવે, સર્વ રીતે, સર્વથા મારા માટે તારી જે કંઈ ઇચ્છા હશે તે હું બનીશ. તું મારા માટે જે કાંઈ નિર્માણ કરશે, જીવન કે મૃત્યુ, સુખ કે દુઃખ, હર્ષ કે શોક, તારા તરફથી મને જે કંઈ મળશે, તે સર્વનું હું આનંદપૂર્વક સ્વાગત કરીશ. તેં આપેલી પ્રત્યેક વસ્તુ સદા એક દિવ્ય ઉપહાર જેવી બનશે, અને તેમાં મને પરમ સુખ મળશે.''

વિચારો, સંવેદનો, ક્રિયાઓ જ નહીં પણ દેહના એક-એક કોષ, રક્તનું એક-એક બિંદુ, સર્વનું સમર્પણ કે જેમાં પછી પોતાનું કશું જ ન રહે એવું સમર્પણ મનુષ્યદેહે કેવું હોય તેનું પ્રત્યક્ષ દૃષ્ટાંત શ્રી માતાજીએ આપણી સમક્ષ રજૂ કર્યું છે. શ્રી અરવિન્દ પ્રત્યેના શ્રી માતાજીના વ્યવહારમાં પ્રત્યેક ક્ષણે આ સમર્પણ-ભાવના

(અનુ.પાના ૧૪ ઉપર)

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો
## ધ્યાનના બે તબક્કાની પ્રક્રિયા

(માતૃવાણી - ૪) (૧૭ ફેબ્રુ. ૧૯૫૧) (પૃ.૧૩૯-૧૪૨)

પ્રકરણ - ૧૫

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ ધ્યાનમાં ગાળેલા કલાકોની સંખ્યા એ આધ્યાત્મિક-પ્રગતિની સાબિતી નથી. જ્યારે તમારે ધ્યાન કરવાનો પ્રયત્ન જ ન કરવો પડે ત્યારે જ તે તમારી પ્રગતિની નિશાની ગણાશે. પૃ.૧૩૯

૨ તમારામાંનું સર્વ કાંઈ નીરવ થઇ ગએલ હોય..... તમારી નાડીઓ તદ્દન તૃપ્ત-અવસ્થા ધારણ કરતી હોય..... તમારી ચેતના નિતાંતપણે એકાગ્ર થઈ ગઇ હોય...... ત્યારે તમે આનંદપૂર્વક એક તીવ્ર-ધ્યાનમાં..... પ્રવેશ કરો છો. પૃ.૧૪૦

૩ એવી ક્ષણ પણ આવે જ્યારે..... સામાન્ય ચેતના તરફ નીચે ઊતરવું મુશ્કેલ બને છે. પૃ.૧૪૦

૪ બાહ્ય સંજોગો ગમે તેવા હોય (સક્રિય-નિષ્ક્રિય, અનુકૂળ-પ્રતિકૂળ) તો પણ તમારાથી ધ્યાન થઈ શકવું જોઈએ. પૃ.૧૪૦

૫ (આવી એકાગ્રતામાં) તમારી ચેતનાને ભગવાનનાં ચિંતનમાં પરોવી રાખવાની હોય છે. પૃ.૧૪૧

૬ (સાચા ધ્યાન અને એકાગ્રતાથી) તમારામાં શાંતિ હશે, નિરાંતની લાગણી હશે, અંતરની નિશ્ચળતા હશે. પૃ.૧૪૧

૭ ..... તો કોઈ પણ વસ્તુ તમને નુકસાન પહોંચાડી શકશે નહિ. પૃ.૧૪૧

૮ તમારા ઉપર પ્રહાર થાય ત્યારે તમારે તરત જ કહેવું કે, ‘હા , મારે

પ્રગતિ કરવાની જરૂર છે.'  - તે તમારે માટે એક આશિષના રૂપમાં ફેરવાઈ જાય છે. પૃ.૧૪૧

૯ આપણે અત્યારે (પ્લેગ્રાઉન્ડ ઉપર) જે એકાગ્રતા કરીએ છીએ તે કંઈક અંશે 'ધ્યાન'થી ઊલટી વસ્તુ છે..... ધ્યાન કરતાં ત્યારે હાજર રહેતા બધા લોકોની ચેતના એકરૂપ કરવાનો અને તેને ..... અભીપ્સામાં ઊંચે લઈ જવાનો પ્રયત્ન કરતી હતી એ આરોહણની ગતિ હતી. ..... અહીં એકાગ્રતામાં તેમાં..... એ રીતનું અવતરણ છે..... ગ્રહણશીલતાની અપેક્ષા રાખવામાં આવે છે (અભીપ્સાની નહિ)..... જેથી ઊર્ધ્વમાંની શક્તિ તમારામાં પ્રવેશ કરે..... (આમાં) જેઓ સાચેસાચ પોતાના ભૌતિક-શરીરમાં પૂર્ણતા ઈચ્છતા હોય તેવા લોકો જોડાઈ શકે છે..... ભૌતિક-શરીરને પણ તેનું મૂલ્ય છે..... તેને ઊર્ધ્વ-સત્યને સ્થાપન કરવાનું પાત્ર (બનાવવાનું છે) પૃ.૧૪૨

૧૦ (હાલના તબક્કે) અત્યારે ..... અસત્યની સ્થિતિમાં તમે બાહ્યસ્વરૂપ સાથેનો સંબંધ છોડ્યા વિના પોતાના સ્વરૂપની અંદર રહેલા પ્રભુના સાંનિધ્ય ઉપર એકાગ્રતા કરી શકતા નથી. પૃ.૧૪૩

જૂના લોકોની માન્યતા છે કે જે વધારે સમય ધ્યાનમાં ગાળે તે આધ્યાત્મિક વ્યક્તિ કહેવાય તે સાચું નથી, કારણ તેઓએ આંતરિક અને બાહ્યજીવનને હજી સંવાદિતામાં ગોઠવેલ હોતું નથી. પ્રભુને પાર્થિવતત્ત્વમાં પણ પ્રગટ થવું છે, ફક્ત માનસિક કે પ્રાણમય સ્તરે નહિ.

ધ્યાનમાં તમે પ્રવેશેલા છો તેના નીચેનાં ખાસ લક્ષણો છે : (૧) વિચારપ્રવાહ ઓછો પાતળો થઈ ગએલો હોય પણ તે ધ્યાનને ખલેલ પહોંચાડતો ન હોય અથવા મન નીરવ બની ગએલું હોય (૨) શરીરની નાડીઓ તૃપ્તિ અનુભવતી હોય, તેમાં કોઈ માગણી જ ન હોય - ફક્ત અસ્તિત્વનો આનંદ માણતી હોય (૩) ચેતના તદ્દન પ્રભુ પ્રત્યે એકાગ્ર બની ગઈ હોય.

ધ્યાનના અભ્યાસથી અંતે તમે નિરંતર-ધ્યાનમાં પ્રવેશો છો તેમાં તમે પ્રયત્ન

કરવા બાદ જ સામાન્ય ચેતનામાં પ્રવેશી શકો છો. ધ્યાન સહજ બની જાય છે.

ધ્યાન સક્રિય - અવસ્થામાં પણ થઈ જ શકે છે. પરંતુ હાલની જગતની ઉત્ક્રાંતિના તબક્કામાં તેમ કરવું મુશ્કેલ જાય છે એ પણ હકીકત છે. અભ્યાસથી આપણે સક્રિય કાર્ય કરતી વખતે પણ ધ્યાનમાં પ્રવેશી શકીએ છીએ. વારંવાર ક્રિયા બદલાતી હોય, વિચાર કરી નિર્ણય લેવો પડતો હોય તેમાં થોડી મુશ્કેલી સર્જાય છે.

ધ્યાન સાચું હતું કે નહિ તે તેનાં પરિણામો ઉપરથી સમજાશે. દા.ત. : (૧) તમારામાં શાંતિનું અવતરણ થએલ હશે અને તે સક્રિય-અવસ્થામાં પણ જળવાતું હશે (૨) તમને નિરાંતની લાગણી અનુભવાશે (૩) આંતરિક રીતે તમને નિશ્ચિંતતા જણાશે, ભાવિની ચિંતા નહિ રહે (૪) આવી ધ્યાનાવસ્થામાં વિરોધી- શક્તિઓ તમને નુકસાની પહોંચાડી શકશે નહિ. તમે આબાદ બચી જશો.

જો ધ્યાનાવસ્થામાં પણ આપણા ઉપર પ્રહાર થાય તો તરત કહો - મારે આનાથી પણ વધારે પ્રગતિ તત્કાળ કરવાની જરૂર છે, તેથી તે પ્રહાર તમને આશિષરૂપ બની જશે.

એકાગ્રતા અને ધ્યાન બન્ને અલગ વસ્તુ છે અર્થાત્ ધ્યાનમાં પણ એકાગ્રતાનો ઉપયોગ થાય જ છે, પણ જુદી રીતે. ધ્યાનમાં બે વસ્તુ હોય છે : (૧) ઊંચે ચડતી અભીપ્સા (૨) ચેતનાનું ઊર્ધ્વ પ્રદેશમાં આરોહણ. માતાજી આશ્રમમાં ધ્યાન દરમિયાન બધાને આ માર્ગે લઈ જતાં.

એકાગ્રતામાં બે વસ્તુ હોય છે : (૧) ગ્રહણશીલતામાં વધારો (૨) ઊર્ધ્વ-ચેતનાને અવતરણ કરાવી ભૌતિક-શરીરમાં સ્થાપવાની ક્રિયા. બીજી, એકાગ્રતાના કારણે આપણા ભૌતિક-શરીરનું રૂપાંતર કરવાનું હોય છે. જ્યારે પ્રથમ પ્રકારમાં ધ્યાનમાં રૂપાંતરની શક્તિની ક્ષમતા પ્રાપ્ત કરવા ઊર્ધ્વમાં, શરીરને અહીં જ રાખીને જવું પડે છે. તે પછી આ ધ્યાન બાદ એકાગ્રતાનો ઉપયોગ શરીરની રૂપાંતર ક્રિયા કરવા માટે કરવામાં આવે છે.

ભૌતિક શરીરને શુદ્ધ, દિવ્ય આધાર બનાવવો એ તેનો હેતુ છે, જેથી પ્રભુ ભૌતિક સ્તરે પ્રગટ થાય.

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## દિવ્ય - સંકલ્પનું જ્ઞાન

પ્રકરણ - ૧૧૪

(Savitri, B-1, C-4, P. 49)

It guards for us our fate in depths within,
Where sleeps the eternal seed of transient things.
Always we bear in us a magic key
Concealed in life's hermetic envelope.

આ બધી ગૂઢ પ્રક્રિયાઓ અને દિવ્ય આનંદ, દિવ્ય સ્વરૂપની રચના આ બધાંનો મૂળ ઉદ્દેશ તો એક જ હોય છે અને તે છે આપણા અતલ ઊંડાણમાં (in depth within) જે આપણા માટે ભવિષ્યનો સંકલ્પ ધરબાએલો પડ્યો છે અને જે ઉપર મુજબની ઘટનાઓ અને રચનાઓ દ્વારા પોતાના કાયમી અને પૂર્ણ પ્રગટીકરણ માટેની તૈયારી કરતો હોય છે અને તેમનું સંરક્ષણ અને સંવર્ધન પણ (guards) કરતો હોય છે; તેમને સ્થાયી બનાવી તે દ્વારા આત્મતત્ત્વને પ્રગટ કરવું. આ બધી બાહ્ય ઘટનાઓ જે સતત બદલાતી હોય છે, કારણ તે વિકસિત થતી હોય છે (transient things) તેનો ઉગમ અને તેનું બીજ જે શાશ્વતકાળ માટે આપણા શાશ્વત આત્મામાં વવાએલું હોય છે (eternal seed) તે હજી પોતે સુપ્ત અવસ્થામાં જ હોય છે. થોડું ઘણું પ્રગટ થવા સક્રિય બનેલું હોય છે. આ સનાતન બીજમાં ઉગાવો લાવવાની ગુપ્ત ચાવી (magic key) પણ કુદરતે આપણી અંદર જ રાખેલી છે. પરંતુ તે ચાવી જાણે હવાબંધ પેટીમાં અથવા કવરમાં (hermetic) છુપાવીને રાખેલ છે. આ હવાબંધ કવર એટલે જ આપણું જીવન. તેની દ્વારા

આત્મ-તત્ત્વની પ્રેરણારૂપી હવા બહાર નીકળી શકતી નથી અને આપણી અભીપ્સારૂપી હવા તેમાં હાલના તબક્કે જાણે અંદર પ્રવેશી પણ શકતી નથી એવી કુદરતે જડબેસલાક વ્યવસ્થા કરી છે.

A burning witness in the sanctuary
Regards through Time and the blind walls of Form;
A timeless Light is in his hidden eyes;
He sees the secret things no words can speak
And knows the goal of the unconscious world
And the heart of the mystery of the journeying years.

આ બધી પ્રક્રિયાઓને સાક્ષીભાવે જોનારું તત્ત્વ એટલે આપણો ચૈત્યપુરુષ. તે પ્રકાશમય હોવાથી તે જાણે જ્વલંત સાક્ષી (burning witness) જેવો લાગે છે. તે પોતાના ચૈત્યપ્રદેશમાં દિવ્ય-ચિત્તમાં રહેતો હોય છે. ત્યાં પવિત્રતાનું વાતાવરણ હોય છે. કલુષિત જીવનની વાછટ પણ ત્યાં પ્રવેશી શકતી નથી. ત્યાં જાણે આ ચૈત્યપુરુષે આશ્રય લીધો છે. જાણે તે તેનું અભયારણ્ય છે, જ્યાં મલિન જીવનના પરિણામોથી તે પોતાને બચાવતો હોય છે. તે તેની પવિત્ર સુરક્ષિત શાંતિપૂર્ણ જગ્યા (sanctuary) હોય છે. તે પોતાના એકાંતવાસમાંથી તે સમયના પ્રવાહમાં વહેતા જીવનને જોતો હોય છે અને ભૌતિક શરીરની બધિર દીવાલો (blind walls)માં ડોકાવાનો પ્રયત્ન કરતો હોય છે. અહીં Time અને Form બન્ને નામ આદ્યાક્ષર કેપિટલ કરેલાં છે, એ તે દર્શાવવા કે હાલમાં પ્રર્વતમાન જીવનની રચનામાં અને સમયમાં જ તે ડોકાતો હોય છે એ સમજવા કે આ પરિસ્થિતિમાં કઈ રીતે તે પોતાને પ્રગટ કરી શકે. તેથી અહીં વિશેષ સમય અને જીવન દર્શાવવા જ તે કેપિટલ લેટર દર્શાવ્યા છે.

પણ ચૈત્યપુરુષનો હાલનાં જીવન અને સ્વરૂપ પ્રત્યે જોવાનો દૃષ્ટિકોણ આપણા જેવો સંકુચિત, મર્યાદિત અને અજ્ઞાનસભર હોતો નથી. તે તો પોતે ધારણ કરેલ સનાતન - સંકલ્પથી પૂરેપૂરો માહિતગાર હોય છે અને તેના સંદર્ભમાં જ તે હાલનાં સમય અને જીવનને જોતો હોય છે. આ પ્રકારની કાયમી

સમજણ (timeless Light) તેનામાં હોય છે અને તે તેની દૃષ્ટિની પાછળ રહી સંચાલિત કરતી હોય છે. પણ તે ગુપ્ત રીતે (his hidden eyes) તેથી હાલ જે ઘટનાઓ નિરર્થક લાગે છે, બિનમહત્ત્વની લાગે છે, તે ભવિષ્યની ઘટનાઓને કેવી રીતે ઘડી રહી છે, તેની સમજણ તેમાં હોય છે. આવું સૂક્ષ્મ અને અચૂક ગૂઢજ્ઞાન (secret things) શબ્દોમાં વર્ણન કરી શકાતું નથી. (no words can speak)

આજે માનવી જે અભાન જીવન જીવી રહ્યો છે અને આ જડ જગત (unconscious world) જે રીતે ગતિ કરી રહ્યું છે તેનો દૂરગામી પણ હાલમાં અવ્યક્ત ઉદ્દેશ (goal) તે સમજતો જ હોય છે અને આ જિંદગીના પસાર થતાં વર્ષો (journeying years)ના હૃદયમાં (heart) શું ગુપ્ત વસ્તુ વિકસી રહી છે તે પણ તે જાણતો જ હોય છે.

But all is screened, subliminal, mystical;
It needs the intuitive heart, the inward turn,
It needs the power of a spiritual gaze.

પણ આ બધું સમજાવું મુશ્કેલ છે, કારણ બધું જાણે પડદા પાછળ ચાલતું હોય છે (screened) જાણે ઘટના પ્રવાહ પૃષ્ઠભાગે ન વહેતા પેટાળમાં થઈ ને વહેતો હોય છે (Subliminal) બધું જ ગૂઢ લાગે છે (mystical) કારણ ઘટના બનતી દેખાય છે, પરિણામો દેખાય છે, પણ તેનો ઉદ્દેશ અને કારણ અજ્ઞાત જ રહેતાં હોય છે. આ બધી ઘટનાઓને સમજવા આંતરપ્રેરણાઓ હૃદયમાં ઊગી નીકળવી જરૂરી છે (intuitive heart) અને આવી આંતરપ્રેરણાઓ હૃદયમાં જાગૃત થાય ત્યારે તે સમજવા ચેતનાની આંતરમુખ અવસ્થા પણ (inward turn) એટલી જ જરૂરી છે, નહિ તો આવેલી પ્રેરણાઓ ધ્યાન બહાર રહી જશે અથવા તેનો ઉપર છલ્લો જ અર્થ લઈને મનનું સમાધાન કરી લેવામાં આવશે. આંતરપ્રેરણાનો ગહન અર્થ સમજવા માટે આધ્યાત્મિક ઊંડી સમજણ અને મર્મદૃષ્ટિ (Spiritual gaze)ની પણ જરૂર પડે છે. આમ, આંતરપ્રેરણાયુક્ત હૃદય, આંતરમુખ ચેતના અને આધ્યાત્મિક સમજણનો ત્રિભેટો થાય છે ત્યારે જ આંતરપ્રેરણાઓનો સાચો અને

પૂર્ણ અર્થ, રહસ્ય પ્રગટ થાય છે. તેના વગર ગેરસમજ જ થવાની શક્યતા છે

Else to our waking mind's small moment look
A goalless voyage seems our dubious course
Some Chance has settled or hazarded some Will,
Or a Necessity without aim or cause
Unwillingly compelled to emerge and be.

તેમના વગર તો આપણા જાગૃત મનને (waking mind) એમ જ લાગે છે કે તે એક સર્વ સાધારણ રોજિંદી બિનમહત્ત્વની ઘટનાનું જ દર્શન છે (Small moment look) તે કોઈ ધ્યેયહીન પ્રવાસ માત્ર છે. ક્યાં જઈશું કોઈ જાણતું નથી. (Voyage) આપણી આ ઘટના પાછળ કોઈ અર્થ જ નથી (our dubious course) કોઈ આકસ્મિક વસ્તુ જ બની ગઈ છે એવું લાગે છે (Chance) અથવા કોઈ ગૂંચવણ ભરેલી ઈચ્છાએ નિર્માણ કરેલી આ ઘટના છે (hazarded will) અથવા આ તો સંવેદનાઓનો યાંત્રિક પ્રવાહ માત્ર છે (Necessity) જેનો કોઈ ઉદ્દેશ નથી અને જેનું કોઈ નિશ્ચિત કારણ પણ નથી. જીવન એ તો પરાણે (unwillingly) પ્રગટ થતી (emerge) અને ઘાટ લેતી ઘટના માત્ર છે.

---

(પાના ૭ ઉપરથી) **શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન**

વ્યક્ત થતી હતી. પોતાના વ્યવહાર દ્વારા કશું પણ બોલ્યા વગર શ્રી માતાજીએ શ્રી અરવિન્દ સાથે રહેલા તેમના શિષ્યોને સમજાવી દીધું કે સહુએ શ્રી અરવિન્દ પ્રત્યે કેવી રીતે રહેવું જોઈએ ! શ્રી અરવિન્દના નજીકના શિષ્ય શ્રીનલિનીકાન્ત ગુપ્ત પોતાનાં સંસ્મરણોમાં નોંધે છે કે, ''શ્રી માતાજીએ આ વસ્તુ બદલી નાંખી. ગુરુ અને શિષ્યનો અર્થ શો છે, તે તેમણે વાણી અને વર્તન દ્વારા બતાવી આપ્યું. એ પોતે જે કંઈ કહેતાં હતાં તે તમામને તેઓ વ્યવહારમાં ઉતારી બતાવતાં હતાં. પોતે શ્રી અરવિન્દની સામે કે તેમના જેવા જ ઊંચા આસન પર ન બેસતાં, નીચે જમીન પર બેસતાં, પોતાનાં ગુરુ પ્રત્યે કેવો ભાવ બતાવવો જોઈએ, ગુરુ પ્રત્યે સાચો પૂજ્યભાવ શો, તે એમણે અમને આ રીતે બતાવી આપ્યું ! શ્રી માતાજીએ અમારી આંખો ખોલી આપી.'' ફક્ત શિષ્યોને જ નહીં સમગ્ર વિશ્વને શ્રી અરવિન્દનો સાચો પરિચય શ્રી માતાજી દ્વારા જ થયો.

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

## પૂર્ણયોગ અને બીજા માર્ગો

(બા.-૧, પૃ.૬૫-૭૬)

## ગૌતમબુદ્ધ અને શ્રી અરવિન્દ

અવતરણો

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ નિર્વાણ અવિદ્યામાંથી ઉચ્ચતર સત્યમાં જવાનો માર્ગ છે. પૃ. ૬૫

૨ નિરપેક્ષ-પરબ્રહ્મના સાક્ષાત્કારમાં પ્રવેશવા માટે ઘણાં દ્વારો હોય છે, જેમાંનું નિર્વાણ એક છે. પૃ. ૬૬

૩ આ યોગનો સાક્ષાત્કાર નિર્વાણ અથવા નિર્વિકલ્પ-સમાધિના સાક્ષાત્કાર કરતાં..... ઊર્ધ્વ પ્રકારનો છે. પૃ. ૬૬

૪ જગતમાં..... એક અશાશ્વત-ચેતનાનો ક્ષણે-ક્ષણે બદલાતો પ્રવાહ છે. વ્યક્તિગત માનવી-સંસ્કારોનું બાંધેલું એક પોટલું છે. પૃ. ૬૬

૫ આ જગતરૂપી અસ્થિર પ્રવાહમાંથી છુટકારો મેળવવા અષ્ટાંગમાર્ગની માનસશાસ્ત્રીય પદ્ધતિ છે, તેમનો હેતુ ઉપયોગિતાવાદનો હતો. પૃ. ૬૭

૬ જગતમાં સુધારો કરવો એ બુદ્ધ માટે પ્રાસંગિક પરિણામ છે, નહિ કે કેન્દ્રવર્તી ધ્યેયનો ભાગ. પૃ. ૬૭

૭ મહાયાનમાં રહેલા વિરોધી વલણ વિષે તેમ જ અમિતાભ બુદ્ધની જાપાનીઝ શાખાના ભક્તિમાર્ગ વિષે મને જાણ છે. પૃ. ૬૮

૮ બુદ્ધ વેદાંતના પરબ્રહ્મ સમાન એક પરમતત્ત્વ વિષે સભાન હતા. તેઓએ તેને અસ્તિત્વવિહીનતા (**Nothingness**) તરીકે વર્ણન કર્યું. બુદ્ધમતની શાખાઓએ તેને શૂન્ય કહ્યું. પૃ. ૬૯

૯ અનંતતત્ત્વમાં કરેલા પ્રવેશની અનુભૂતિઓ..... મન તેની નજીક કેવા માર્ગે જાય છે તેના ઉપર આધાર રાખે છે. દા.ત. અનંતતા, શુદ્ધઅસ્તિત્વ, બૃહત્ પ્રકાશનો મહાન સાગર, શક્તિનો મહાન સાગર, અસીમ શૂન્ય, નિરાકાર-

નિરંજન વગેરે. પૃ.૭૦

૧૦ બૌદ્ધ-સાધનામાં આધ્યાત્મિક મન પરમ સત્યની પાસે સીધેસીધું પહોંચી જાય છે..... અધિમનસમાંથી પસાર થતું નથી..... તેથી દરેક વસ્તુનો ઈનકાર કરતું જાય છે. પૃ.૭૧

૧૧ બુદ્ધવાદીઓને અસત્‌નો અંતિમતત્ત્વ તરીકેનો ખ્યાલ તેમાંથી (નાસદીય-સૂક્ત) આવ્યો છે. પૃ.૭૨

૧૨ ત્યાં આધ્યામિક મનની અનુભૂતિ પૂરી થાય છે અને અમિશ્ર દિવ્ય-ચેતનાની શરૂઆત થાય છે. પૃ.૭૨

૧૩ બુદ્ધ અને શંકરના મતે મુક્તિ એટલે જેમાં વ્યક્તિતા નથી તેવી અવસ્થા. પૃ.૭૪

૧૪ પૃથ્વી ઉપરથી નિર્વાણમાં અને નિર્વાણમાંથી કોઈ ઊર્ધ્વ-લોકમાં આ સંપૂર્ણ યુરોપિયન (થિઓસોફીનો) વિચાર છે. પૃ.૭૪

૧૫ યુરોપિયનો આ બાહ્ય-વ્યક્તિત્વને આત્મા તરીકે માનવાની સહેલાઈથી ભૂલ કરી બેસે છે. પૃ.૭૬

૧૬ નિર્વાણ પછી સાચો વિકાસ એ બુદ્ધમત નથી. પૃ.૭૬

૧૭ જૈન તત્ત્વજ્ઞાન વ્યક્તિગત પૂર્ણતા પૂરતો જ સંબંધ રાખે છે. પૃ.૭૬

નિર્વાણ એ અવિદ્યામાંથી મુક્ત થઈને ઉચ્ચતર સત્યમાં જવાનો માર્ગ છે. જે લોકો નિર્વાણમાં ચાલ્યા જાય છે, તેઓ પછી કરુણાભાવે જગતના માનવીઓને મદદ કરવા પાછા આવી શકે છે. શ્રી રામકૃષ્ણ ઠાકુરે જણાવેલું કે જીવકોટિનો આત્મા પાછો આવતો નથી, ઈશ્વરકોટિનો આત્મા પાછો આવી શકે છે.

આપણા યોગમાં નિર્વાણ એ એક મધ્યકાલીન અવસ્થા છે. નિર્વિકલ્પ સમાધિ કે નિર્વાણ અંતિમ ધ્યેય નથી. આપણું ધ્યેય તેથી પણ ઊર્ધ્વ પ્રકારનું છે. તેમાં મન, પ્રાણ, શરીરનું રૂપાંતર કરીને તેમને દિવ્ય-શરીરમાં રૂપાંતરિત કરીને તે શરીરને પ્રભુના કાર્યના કરણ તરીકે આ પૃથ્વી ઉપર જીવન ધારણ કરીને વાપરવાનું છે. સૂક્ષ્મ-જગતમાં સૂક્ષ્મ-શરીરો ટકાવીને આ પૃથ્વી ઉપરના માનવોને મદદ કરવાની થિઓસોફીની કલ્પના ન ગૌતમબુદ્ધની હતી, ન આપણી. વચગાળામાં તેવી અવસ્થા પ્રાપ્ત થાય તો પણ તે અંતિમ ધ્યેય માન્ય રખાયેલ નથી.

બુદ્ધના મતે એક સતત પરિવર્તન પામતી અને તેથી અશાંત ચેતનાનો પ્રવાહ

એટલે જ આ સંસાર છે. માનવમાત્ર તે મહાપ્રવાહની એક લહેર છે. માનવે પોતાના સ્વરૂપમાંના આ પ્રવાહના ફાંટાને બંધ કરવો છે તે જ તેને માટે મુક્તિ અથવા નિર્વાણ છે.

ગૌતમ બુદ્ધ પૂર્ણ ઉપયોગિતાવાદી હતા, તેથી તેમણે અષ્ટાંગ માર્ગની માનસશાસ્ત્રીય પદ્ધતિ શોધી કાઢી, જેથી નિર્વાણ વહેલું પ્રાપ્ત થાય. નિર્વાણ મેળવી જગતને સુધારવાની કે ઉત્ક્રાંત કરવાની તેમની કોઇ કલ્પના નહોતી.

એક યુરોપિયને પોતાનો સમાજસેવાનો વિચાર જ ગીતામાં કહ્યો છે એમ જણાવેલું, પણ ગીતાનો 'સર્વભૂતહિતે રતાઃ'માં ફક્ત માનવપ્રાણી નહિ, સર્વ પ્રાણીમાત્રનો સમાવેશ થાય એ તેને ખબર નહોતી. મહાયાન પંથમાં અમિતાભ બુદ્ધ લોકકલ્યાણ માટે નિર્વાણ બાદ પણ કાર્ય કરી રહ્યાં છે એવી શ્રદ્ધા છે. આવા વિચારો બુદ્ધના નિર્વાણ બાદ ઉમેરાએલાં છે. ગૌતમબુદ્ધ વેદાંતીઓની જેમ પરમતત્ત્વ બાબત સભાન હતાં, પણ તેઓ તે તત્ત્વજ્ઞાનની મીમાંસામાં પડ્યા જ નહોતા. પણ તે તત્ત્વમાં જીવન ધારણ કરીને કર્મો કરી શકાય છે એ વસ્તુ તેઓ જાણતા હતા. નિર્વાણ અથવા શૂન્યમાં કર્મો કરવા શક્ય નથી એમ તેઓ માનતા નહોતા, પણ તે કર્મોના કર્તાપણાનો ભાવ તેમાં હોતો નથી. પ્રકૃતિના પ્રવાહો દ્વારા (સંસ્કારો દ્વારા) તે કાર્ય થઇ રહ્યું છે એવો ભાવ હોય છે.

આ અકર્તાપણાના ભાવને જ તાઓએ "Nothingness" તરીકે વર્ણવેલ છે. તેમાં વ્યક્તિતાનો અભાવ અનુભવાય છે. તેને જ ભારતમાં 'શૂન્યવાદ' કહે છે.

મન દ્વારા સાધના આગળ વધે છે અને તે સીધેસીધું પરમાત્મામાં પ્રવેશે છે ત્યારે તે 'નેતિનેતિ' માર્ગે જ આગળ વધે છે. મન માટે જગત અને જગતની વસ્તુઓ સત્ય અને વાસ્તવિક છે, તેથી તે પરાત્પરની અનુભૂતિને શૂન્ય અને અસત્ ગણે છે.

પરાત્પરમાં પ્રવેશવાનાં અનેક માર્ગો છે અને દરેક માર્ગની અંતિમ અનુભૂતિમાં જુદાઈ, તફાવત જણાય છે, કારણ મન પોતાનો દૃષ્ટિકોણ, ધારણાઓ અને સંસ્કારો સાથે વર્ણવે છે. બૌદ્ધો જ્યાં તે અનુભૂતિને અસત્ અને શૂન્યની અનુભૂતિ ગણાવે છે ત્યાં વેદાંત સત્ અને શુદ્ધ અસ્તિત્વની અનુભૂતિ તરીકે સ્વીકારે છે.આપણા યોગમાં સૂર્યને અતિમનસ ચેતનાના પ્રકાશ તરીકે પ્રતીકાત્મક રીતે સ્વીકારેલો છે. વેદોમાં પણ ઋષિઓ પરમ-પ્રકાશની જ વાત કરે છે.

બુદ્ધે  અસત્ અને સત્ શબ્દો ખાસ અર્થમાં વાપરેલાં છે. સત્ એટલે શાશ્વતતત્ત્વ અને અસત્ એટલે પરિવર્તન પામતું તત્ત્વ. વ્યક્તિત્વ પરિવર્તન પામતું હોવાથી તે અસત્ છે. સારાંશ, વેદાંત અને બૌદ્ધના મતે મુક્તિ એટલે વ્યક્તિત્વવિહીન સ્થિતિ, વ્યક્તિતામાંથી છુટકારો.

યુરોપિયનો બાહ્ય વ્યક્તિત્વને જ આત્મા ગણે છે અને તેમણે ગૌતમબુદ્ધના ઉપદેશમાં તેવો જ અર્થ દાખલ કરેલ છે. અનાત્મા એટલે મન, પ્રાણ, શરીર વગરની સ્થિતિ અર્થાત્ નિર્વાણ થિયોસોફીમાં તો નિર્વાણને મૃત્યુ પછીનો એક ઉચ્ચ જગતનો દરજ્જો આપી દીધો છે અને તે જગતમાં નિર્વાણ પામેલા લોકો રહે છે અને સંઘટન દ્વારા પૃથ્વીના વિકાસ માટે પ્રયત્ન કરે છે; જેમને તેઓ 'સિદ્ધોનો સંઘ' કહે છે, પણ આ બધા બુદ્ધના વિચારો નથી, પાછળથી વિકાસ પામેલા વિચારો છે.

જૈનધર્મ તો વ્યક્તિગત પૂર્ણતામાં જ વધુ રસ લે છે જેને તેઓ ''કૈવલ્ય'' કહે છે.


**સહજ-સત્સંગ**

**ધ રજીસ્ટ્રેશન ઑફ ન્યૂઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ, ૧૯૫૬ અન્વયે સહજ-સત્સંગ (માસિક) અંગે માહિતી**

| | | |
|---|---|---|
| ૧. | પ્રકાશનનું સ્થળ | : રાજકોટ |
| ૨. | પ્રકાશનની સામયિકતા | : માસિક |
| ૩. | મુદ્રકનું નામ | : વિમલેશભાઈ શાહ |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : લા ક્રિએટા, ૪/૫ જે.પી.ટાવર્સ, ટાગોર માર્ગ, રાજકોટ |
| ૪. | પ્રકાશકનું નામ | : મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ વતી માનસિંહભાઈ ચાવડા |
| | રાષ્ટ્રિયતા | : ભારતીય |
| | સરનામું | : અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ |
| ૫. | પત્રના માલિકનું નામ | : મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ |
| | તથા સરનામું | : અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ |

હું માનસિંહભાઈ ચાવડા આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી પૂરેપૂરી જાણ તથા માન્યતા મુજબ સાચી છે.

**પ્રકાશકની સહી :**

મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ વતી માનસિંહભાઈ ચાવડા

તા. ૧.૩.૨૦૧૨

# વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

## આખ્યાન રહસ્ય

# જીવનયજ્ઞની તૈયારી

પ્રકરણ - ૧૭

શતદ્રુ નદીનો કિનારો. પુરાતન ઋષિ રહુગણના વંશજો આશ્રમનું સંચાલન કરતા હતા. રહુગણના પુત્ર ગૌતમ. ગૌતમના પુત્ર વામદેવ. હાલમાં વામદેવ અને તેના પત્ની ઉશતી આશ્રમનાં મુખ્ય હતાં.

લોકો વામદેવને અલગારી ગણતા. તે કહેતા દેવો તો આપણી અંદર છે. લોકો હસતા. વામદેવ શતદ્રુ કિનારે સમય મળતા જ ધ્યાનમાં ઊતરી જતા. આશ્રમનો સમગ્ર બોજો ઉશતી ઉપર આવી પડતો, પણ તેઓ બધું હસતે મોઢે સાચવી લેતા.

એક દિવસે વામદેવે પોતાની પત્નીને જણાવ્યું, ''હવે તે અંતિમ પૂર્ણાહુતિનો યજ્ઞ કરવાનાં છે અને તે લગભગ છ માસ ચાલશે.''

ઉશતી ચિંતામાં પડી જઇ બોલ્યા, ''આર્યપુત્ર, તમે યજ્ઞ કરો એ મને ગમે છે પણ તેની માટેના ધનની વ્યવસ્થા આશ્રમ પાસે નથી. કેવી રીતે પૂરી કરીશું?''

''થઇ રહેશે તે પણ, શ્રદ્ધા રાખ.'' ઉશતી ચૂપ થઇ જતી.

શતદ્રુ કિનારે તેમણે ઇનદ્ર - સૂક્ત લલકારવાની શરૂઆત કરી. ભાવમાં તેઓ ગાઇ રહ્યાં હતાં. લોકો ભેગા થઇ તેમને તલ્લીન થઈ સાંભળી રહ્યાં હતાં. ત્યાં એક શ્યેન પક્ષી આવી તેમના ખભે બેઠું. વામદેવે તેમને ઇન્દ્ર તરીકે ઓળખી લીધાં. તે જ વખતે બીજું એક પક્ષી પણ તેમના સામે આવીને બેઠું. તેમને તેમણે ઓળખી લીધાં. તે તેમના દિવંગત મિત્ર ત્રસદ્યુ હતા. તેમણે બન્નેનું સ્વાગત કર્યું.

ત્યાં તે પ્રદેશના રાજા દર્શને આવ્યાં. તેમણે પ્રભાવિત થઇ યજ્ઞ માટે ધન-સંપત્તિ આપી સુખેથી યજ્ઞ કરવાની વિનંતી કરી.

અંતે, યજ્ઞ પૂર્ણ થયો.

અહીં આખ્યાન પૂર્ણ થાય છે.

આ આખ્યાનનું રહસ્ય નીચે મુજબનું છે : વામદેવ અંતર્જ્ઞાની ઋષિ હતા. તેઓ

વેદજ્ઞ હતા. વેદોમાં વર્ણવેલા દેવ-દેવીઓ એ આત્માની જ માનસિક સ્તરે પ્રગટ થતી ક્ષમતાઓ છે, વિવિધરૂપો અને શક્તિઓ છે એ તેઓ જાણતા હતા. તે દિવ્ય તત્ત્વો અને શક્તિઓ જીવનયજ્ઞને આગળ ધપાવવા જ પ્રગટ થાય છે. તેમને માટે જીવનને દિવ્ય બનાવવું એ જ યજ્ઞ છે. હવનકુંડ અથવા વેદી એટલે ભૌતિક શરીર. તેના ત્રણ કાંગરા એટલે ત્રણ શરીર - કારણશરીર, સૂક્ષ્મશરીર અને ભૌતિકશરીર. અગ્નિ એટલે વ્યક્તિગત આત્મા. આહુતિ એટલે માનવવિચારો, ભાવનાઓ અને કર્મોની આહુતિ. માનવે આવી રીતે જીવનયજ્ઞ સતત કરવો જોઈએ.

લોકો ભૌતિક રીતે દાન-દક્ષિણા આપી કરતા ખર્ચાળ યજ્ઞને યજ્ઞ માને છે, પણ તે તો પ્રતીકમાત્ર છે. તેનો સાચો અર્થ સમજવો જરૂરી છે. પ્રકાશમય મન એ જ ઈન્દ્ર છે. તપ કરતી વખતે ત્રણે તાપ-માનસિક, પ્રાણમય, શારીરિક સહીને સમતામાં રહેવું એ જ ત્રસહ્યુ. તેને મિત્ર બનાવો, તે છૂટી ગયો હોય તો તેને ફરી જીવંત કરી જીવનમાં બોલાવો તો જ આ જીવનયજ્ઞ સફળ થશે. શ્યેન પક્ષી ઊર્ધ્વ સ્તરે ઊડે છે, તેમ પ્રકાશમય મન ઊર્ધ્વ-પ્રદેશમાં રહેતું હોય છે તે જ ઈન્દ્ર.

તેને પણ નીચે અવતરણ કરાવી તેની મદદ લેવી જરૂરી છે. તે છે શ્યેન પક્ષીનું આવીને ખભે બેસવું. તેને પણ ધારણ કરવાની જરૂર છે.

સારાંશ, જીલનયજ્ઞનો ચિતાર આપવા આ આખ્યાન આપેલું છે.

---

(પૃષ્ઠ ૨૫ ઉપરથી) **યોગ પર દીપ્તિઓ**

ત્યાગ (rejection) કરવામાં આવે છે. પ્રકૃતિ પણ તે સાથે પોતાની ઘટાઓ વિસ્તારીને દિવ્યતા ધારણ કરવા માંડે છે. સાધકના જીવમાં પરમપ્રભુનાં પ્રથમ પગલાં પડે છે અને તે દિવ્યજીવનની રાહ પર નીકળી પડે છે.

શ્રી અરવિન્દ જણાવે છે કે આત્મ સાક્ષાત્કાર અને ચૈત્યપુરુષનો સાક્ષાત્કાર બન્ને પૂર્ણ યોગમાં જરૂરી છે અને બન્નેને એક સાથે જીવનમાં વણી લઈને સાધકે દિવ્યજીવન બનાવવાનું છે.

શ્રી અરવિન્દ ‘સાવિત્રી’ મહાકાવ્યમાં આ બન્ને સાક્ષાત્કારોની ગહન અનુભૂતિને ખૂબ જ ટૂંકમાં જણાવે છે :

A static Oneness and dynamic Power
Descend in him, the integral Godhead's seals;
His soul and body take that splendid stamp.

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

પ્રકરણ - ૧૦
(પૃ.૧૦૦-૧૦૪)

## માયાવાદ અને નિર્વાણ

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1. Mayavadin... labours to establish... his experience by a rigorous logical reasoning. P. 100
2. He cannot explain how or why... Maya came into existence. P. 100
3. Is illusion the sole or the highest power ? P. 100
4. Has... the supreme... the two (Maya) (which) go together... viz. (a power of Falsehood) and power of dissolving the falsehood ? P. 101
5. The Ineffable (Brahman) cannot be subjected to the laws of logic. P. 101
6. Now to reach Nirvana was the first radical result of my own Yoga. P. 101
7. It began to disappear into a greater super consciousness from above. P. 102
8. A theory may be wrong... yet extremely practical and useful. P. 103

શ્રી અરવિન્દ 'આર્ય' માસિકમાં અધિમનસ કક્ષાથી જગત પ્રત્યે જોઈને તેને શબ્દો દ્વારા વ્યક્ત કરવાનો પ્રયત્ન કરતા હતા, ત્યારે તેમને વારંવાર કઠોર તર્કશાસ્ત્રનો ઉપયોગ કરવો અપરિહાર્ય બની ગયું હતું. કારણ તર્કશક્તિ અધિમનસથી સંબંધિત શક્તિ છે. તે મનોમય કક્ષાની જ છે.

શંકરાચાર્યે માયાવાદમાં તેવો જ પ્રયોગ કર્યો, પણ અધિમનસના અનુભવોને સમજવામાં તે નિષ્ફળ જતા લાગે છે. શંકરાચાર્યને પણ નીચેના પ્રશ્નોના જવાબ આપવા મુશ્કેલ લાગેલા :

૧ માયા શા માટે નિર્માણ થઈ અને કેવી રીતે નિર્માણ થઈ? તે કોણે નિર્માણ કરી?

૨ શું આ માયાશક્તિ અંતિમ-કક્ષાની બ્રહ્મની શક્તિ છે?

૩ અંતિમ સત્ય માયાથી મુક્ત છે તો તેને બંધનનાં ભ્રમમાંથી મુક્ત કરનાર કોણ ? શું બે માયાશક્તિ છે ? એક બંધનમાં નાખનાર, બીજી બંધનમાંથી મુક્ત કરનાર?

૪ શું નિર્વાણ આવી બંધનમુક્તિની અવસ્થા છે ? જો હોય તો તે શું અંતિમ અવસ્થા છે? કે વચગાળાની?

૫ શું અંતિમ સત્યની બે અવસ્થા છે - એક નિવાર્ણમાંની નિષ્ક્રિય, બીજી તેથી ઉપરની સક્રિય અને નિષ્ક્રય બંને?

આ બધા પ્રશ્નોનો સમગ્ર રીતે વિચાર કરતા શ્રી અરવિન્દને લાગ્યું કે નિર્વાણને મુક્તિની શરૂઆતની એક અવસ્થા ગણીએ અને તેને નિષ્ક્રિય સત્યનો સાક્ષાત્કાર ગણીએ અને તેથી ઉપર નિષ્ક્રિય અને સક્રિય બંને અવસ્થા ધરાવતું સત્ય માનીએ તો ઘણા પ્રશ્નોનો નિકાલ થઈ જાય છે.

તેથી શ્રી અરવિન્દે પોતાના યોગની પ્રાથમિક જરૂરિયાત તરીકે નિર્વાણ પ્રાપ્ત કરવું એ માન્ય રાખ્યું.

શ્રી અરવિન્દને લેલે પાસેથી આ અવસ્થા પ્રાત કરવાનો માર્ગ મળ્યો. તેમાં લાંબા સમય સુધી સતત રહેતા તેના માધ્યમથી તેની પણ ઉપરની સત્ય-ચેતના ધીમે ધીમે પ્રગટ થતી તેઓ અનુભવવા લાગ્યા.

તેથી શ્રી અરવિન્દને નિર્વાણના ઉપરના સત્યની ખાતરી થઈ. તેમને માયાવાદી સિદ્ધાંત અંતિમ તબક્કે ખોટો ઠરતો લાગ્યો. વિજ્ઞાનમાં પણ સિદ્ધાંત ખોટા હોવા છતાં તે વ્યવહારુ સમજણ માટે ઉપયોગી થતા અનુભવાય છે.

નિર્વાણના સાક્ષાત્કારમાં તેમને શાંતિ, નીરવતા અને મુક્તિનો અનુભવ આવતો જણાયો, જે સામાન્ય-ચેતનાના બંધનમાંથી યોગીને છોડાવવામાં મદદરૂપ છે. શ્રી અરવિન્દ તો પોતાના રાજકીય હેતુ માટે પ્રચંડ યોગશક્તિઓની શોધમાં નીકળેલાં, પણ તેમને મળ્યો નિષ્ક્રિયતાનો સાક્ષાત્કાર. પણ તેમણે તે શોધ આગળ વધારી અને તેમને અપેક્ષિત સાક્ષાત્કાર તરફ જવાનો અનુભવ આવવા

લાગ્યો.

શ્રી અરવિન્દે આ ઉપરથી વિવેક કર્યો કે તર્કશક્તિ એ કાંઈ આત્માની અંતિમ શક્તિ નથી. જીવનના બધા જ અનુભવો મનનાં ક્ષેત્રમાંના જ હોતા નથી. ત્યાં જ્ઞાનનું સાધન બીજું હોય છે. તેમાં સીધેસીધું જ્ઞાન મળતું હોય છે. તે આંતર-પ્રેરણારૂપે પ્રથમ પ્રગટ થાય છે અને અંતે સર્વજ્ઞ પ્રજ્ઞાશક્તિ અગ્રભાગે આવી સીધેસીધી જ્ઞાન આપવા લાગે છે. તે એવા સત્યની ક્ષમતા છે જે સક્રિય-નિષ્ક્રિય બંને છે, સારાક-નિરાકાર બંને છે, સગુણ-નિર્ગુણ બંને છે. તે ચેતનાનાં બધાં જ સ્તરોનો મૂળ આધાર છે અને સર્વત્ર હાજર છે. તેનો અનુભવ માનવ લઈ શકે છે. તે માનવનાં બધાં જ કરણોનો વિકાસ કરાવી શકે છે અને તેમને સંવાદમાં મૂકી શકે છે. તે સર્વાંગપૂર્ણ સત્ય છે.

ઉત્ક્રાંતિ દ્વારા તે જ પોતાને અભિવ્યક્ત કરી રહ્યું છે તે માટે તેનું દિવ્ય-આયોજન છે, જેમાં આપણે યોગી તરીકે સહભાગી થવું જરૂરી છે, જેથી પ્રભુ આપણી દ્વારા પોતાનું આયોજન જલદી અને આનંદપૂર્ણ રીતે પાર પાડી શકે.

આમ, પૂર્ણયોગની કલ્પના વિકસી.

---

(અનુ.પાના ૩૬ ઉપરથી) **ઉપનિષદોનું અમૃત**

તેને 'બ્રહ્મજીત' કહેવાય છે. જ્યારે સર્વાત્મભાવ અર્થાત્ બધા સ્વરૂપે હું જ છું એવું અનુભવાય છે ત્યારે એને 'ઉકથ' કહેવાય છે. ઉકથનો ગુજરાતી અપભ્રંશ 'આખું' છે સમગ્ર સારાંશ, ઉપાસનાનું સાર છે એમ જણાવેલ છે.

આ ભાવદૃઢ કરવાની અનેક ઉપાસનાઓ કોશિતકી ઋષિ દર્શાવે છે. દા.ત. સૂર્યને પ્રાર્થના કરે છે : હે સૂર્ય જેમ તમે સમુદ્રનું પાણી હરી લો છો (સંવર્ગ) તેમ મારા પાપો હરી લો. હું શુદ્ધ થઈ રહ્યો છું.'' ચંદ્રને પ્રાર્થના કરે છે, ''હે ચંદ્રમા, મારા મનને અમૃતભાવથી ભરી દો.''

માનવશરીરમાં રહેલાં તત્ત્વો - વાક્, ચક્ષુ, પ્રાણ, શ્રોત્ર, મન બધા વચ્ચે વાદ થાય છે : શ્રેષ્ઠ કોણ ? બધા એક એક કરીને શરીર ત્યાગે છે ત્યારે બાકીનાઓની શક્તિ ક્ષીણ થતી નથી પણ પ્રાણ નીકળી જતાં જ બધા ક્ષીણ થવા માંડ્યા. પ્રાણની શ્રેષ્ઠતાનું આખ્યાન અહીં જણાવેલ છે.

# યોગ પર દીપ્તિઓ

-શ્રી અરવિન્દ

## લક્ષ્ય

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૧ પર આધારિત)
પ્રકરણ - ૧૩

## સત્ય-સ્વરૂપનો સાક્ષાત્કાર

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- **સત્ય-સ્વરૂપનો સાક્ષાત્કાર આપણને..... એક આત્મારૂપે તથા બીજો અંતરાત્મા યાને ચૈત્ય પુરુષરૂપે (થાય છે) પૃ.૧૨**
- **..... આત્મા વિશ્વમય - વૈશ્વિક પુરુષરૂપે અનુભવાય છે, જ્યારે ચૈત્ય-પુરુષ વ્યક્તિરૂપે, મન, પ્રાણ તથા દેહને આધાર આપીને ટકાવી રહેલ જણાય છે. પૃ.૧૨**
- **..... આત્માના એ સાક્ષાત્કારને સૂકા થઈ ગયેલા નાળિયેરની અંદરના ગોટાની ઉપમા બંધબેસતી થાય છે. પૃ.૧૨**
- **..... ચૈત્યપુરુષના સાક્ષાત્કારને પરિણામે પ્રભુ સાથે એકતાનું ભાન થાય છે...... પ્રભુમાં સંપૂર્ણ અનન્ય આશ્રયનો, નિર્ભરતાનો તથા સંપૂર્ણ પ્રપત્તિ, આત્માસમર્પણની લાગણીનો પણ અનુભવ થાય છે. પૃ.૧૨**
- **..... પ્રકૃતિમાં રૂપાંતર કરવાની..... સાચી માનસિક પ્રાણમય, ..... અન્નમય સત્તાને શોધી કાઢવાની શક્તિ પણ સાધક ચૈત્યપુરુષમાં રહેલી જુએ છે. પૃ.૧૨**
- **આ યોગ સાધના માટે આ બન્ને અનુભવો આવશ્યક છે. પૃ.૧૨**

માનવમાં રહેલ સાક્ષાત્કારની લાક્ષણિકતાઓ શ્રી અરવિન્દ જણાવી રહ્યા છે. સાક્ષાત્કારના બે પ્રકાર શ્રી અરવિન્દ જણાવે છે - સાક્ષાત્કાર પ્રભુ સાથેનો યોગ-મિલન, એક તો વૈશ્વિક સ્તરે આત્માની સાથે એકરૂપતા થતા અનુભવાય છે અને બીજો સાક્ષાત્કાર જે પ્રભુનો અંશ છે. તેના જ આવિર્ભાવ સ્વરૂપ આપણા

ગર્ભગૃહમાં બિરાજમાન ચૈત્યપુરુષ છે તેની સાથે એકરૂપતા આવતા બની આવે છે.

આત્માના સાક્ષાત્કારમાં મુખ્યત્વે એક નિષ્ક્રિય પાસાનો અનુભવ હોય. એક અમર્યાદ, નિશ્ચલ વિશાળતામાં આપણી ચેતના એકરૂપ બની જાય છે. અલિપ્તતા, નિર્લેપતામાં સરી પડે છે. આ સાક્ષાત્કારની સ્થિતિ સૂકા નાળિયેરમાં અંદરના ભાગે ટોપરું સૂકું બનીને જુદું થઈ ગયું હોય છે તેવો અનુભવ આવે છે. સાધકના સ્વરૂપનો અંદરનો ભાગ સૂકા ટોપરાંની જેમ બાહ્ય કાચલાથી જુદો થઈને પ્રભુ સાથે એકરૂપતા અનુભવે છે. પોતાનામાં જ લીન અને અનાસક્ત બનીને સાધક પોતાનું જીવન જીવે છે. આ અક્ષરબ્રહ્મનો સાક્ષાત્કાર છે, જે ચેતના ક્ષર (નાશ) થતી નથી. તે અક્ષર એ અક્ષરપુરુષનો સાક્ષાત્કાર બની રહે છે. આત્માની જ આ અચલ અને નિષ્ક્રિય પરંતુ સારીય સૃષ્ટિને અનાસક્તભાવે ધારણ કરવાની ચેતનાની અવસ્થા છે.

માનવસ્વરૂપમાં પ્રવેશેલો આત્માનો જ અંશ, તણખો ચૈત્યપુરુષનો પણ સાક્ષાત્કાર સાધનામાં થતો હોય છે. ચૈત્યપુરુષનો સાક્ષાત્કાર સાધકને પોતાનામાં છુપાયેલી દિવ્યતાનો સાક્ષાત્કાર કરાવે છે. પ્રભુનો જ જીવંત અને અનુભવ લેતો અંશ સાધક પોતે અનુભવવા લાગે છે. ચૈત્યપુરુષના સાક્ષાત્કારને કારણે સાધકને પોતાની અંદર જ પ્રભુ મળી આવે છે. પ્રભુ ખૂબ જ ટુકડો અને આત્મિય લાગવા માંડે છે. જાણે ક્યાંયે જવાની જરૂર જ નહિ ! ચોવીસ કલાક એ બાલકૃષ્ણ - ચૈત્યપુરુષના સ્પર્શથી સાધકનું જીવન ઝંકૃત થવા માંડે છે. આ દિવ્યતાના સ્પર્શથી સાધકમાંનાં મન, પ્રાણ અને શરીર પણ સહભાગી થવા માંડે છે. આ સાથે સાધક એક અનન્ય સમર્પણ, સંપૂર્ણ નિર્ભરતા અને પ્રકાશિત માર્ગની સાધનાની સફરને અનુભવે છે. મન, પ્રાણ અને શરીરમાં પણ સાચી દિવ્યતા, સત્‌તા સાધક શોધી કાઢે છે. પોતાની પ્રકૃતિના રૂપાંતર માટેની ચાવી પણ સાધકને આ ચૈત્યપુરુષના સાક્ષાત્કારથી હાથ લાગે છે. સાધક પોતાની સમગ્ર પ્રકૃતિ ચૈત્યપુરુષના સંચાલન નીચે મૂકતો થાય છે અને મન, પ્રાણ અને શરીરનાં દિવ્ય-કાર્ય બાબતે જાગૃત બને છે. આ જાગૃતિ જ દિવ્ય-જીવનની શરૂઆત હોય છે. મનના દરેક વિચાર, પ્રાણની દરેક માંગણી અને શરીરની દરેક ટેવ ચૈત્યપુરુષના પ્રકાશમાં મૂકવામાં આવે છે. સાચી અને સાધનાને પોષક વસ્તુઓ જ ગ્રાહ્ય રાખીને બાકીનો સંપૂર્ણપણે

(અનુ. પૃષ્ઠ ૨૦ ઉપર)

# વેદની શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રની પદ્ધતિ

(વેદનું રહસ્ય ભા. ૧ પૃ. ૮૨-૯૦)

પ્રકરણ -૭

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ નિશ્ચિત શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રના પાયા પર સુપ્રતિષ્ઠિત નહિ થયેલી વેદના અર્થની કોઈ પણ પદ્ધતિ પ્રમાણભૂત ગણી શકાય નહિ. પૃ.૮૨

૨ નિશ્ચિત શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રીય અર્થ કરવામાં ખાસ કરીને બે મુશ્કેલીઓ છે..... (અ) નવીન અર્થની સમજૂતી આપી શકે એટલું જ બસ નથી, પણ એક શબ્દના તે અનેક અર્થો કેવી રીતે નિષ્પન્ન થયા તેની પણ સમજૂતી આપવી જરૂરી છે. (બ) ગૂઢ અથવા વેદના ચાવીરૂપ શબ્દો..... દ્વિઅર્થી છે..... પ્રાચીન વેદ જેવા ગ્રંથમાં તેની સતત હાજરી માટે આપણે શી સમજૂતી..... આપી શકીશું ? પૃ.૮૨-૮૩

૩ વૈદિક ઋષિઓ જે આર્યભાષા વાપરતા હતા - તેમાં શબ્દોનો ગૂઢમાનસશાસ્ત્રીય અર્થ અનુકૂળતાપૂર્વક પ્રગટ કરી શકાય (તેવો હતો) અને છતાં ઉપરથી જોતા તેમાંથી સાદોસીધો, ચોક્કસ, ભૌતિક અર્થ પણ પ્રાપ્ત થાય. પૃ.૮૩

૪ (વ્યુત્પત્તિશાસ્ત્રની જેમ જ) બધા દુન્યવી પદાર્થોના ઈતિહાસમાં નિયમનું શાસન ચાલે છે અને ઉત્ક્રાંતિની પ્રક્રિયા વિદ્યમાન છે. પૃ.૮૪

૫ સંતોષકારક પરિણામ વ્યુત્પત્તિશાસ્ત્ર ન લાવી શક્યું તેનું કારણ તેની એક ભૂલ હતી..... તેણે ભાષાના બાહ્ય સ્વરશાસ્ત્ર સાથે..... માનસશાસ્ત્રીય ભાગોમાં પણ..... ગડમથલ કરી,..... પણ વસ્તુઓની પ્રક્રિયાઓના અસ્પષ્ટ (ગૂઢ) ભાગોમાં સંશોધન પણ કરવું જોઈએ. પૃ.૮૫

૬ શબ્દો કૃત્રિમ પદાર્થો નથી, પણ છોડ પેઠે, પશુઓની પેઠે, ધ્વનિની જીવંત

વૃદ્ધિ છે; તેમના પાયામાં કેટલાક બીજા ધ્વનિઓ રહેલાં છે. આ બીજા ધ્વનિઓમાંથી થોડાક પ્રાથમિક ધાતુઓ વિકસે છે. પૃ.૮૫

૭ શરૂઆતમાં ભાષાધ્વનિનો ઉપયોગ વિચારોને વ્યક્ત કરવા થતો ન હતો. તે મોટે ભાગે સંવેદનો..... અને લાગણી-મૂલ્યોનાં વાચિક.... હતાં. જ્ઞાનતંતુઓએ (સંવેદનોએ) વાણીનું સર્જન કર્યું છે, બુદ્ધિએ નહિ. ..... ભાષાનો બૌદ્ધિક ઉપયોગ..... સ્વાભાવિક નિયમ અનુસાર પાછળથી વિકસ્યો છે. પૃ.૮૬

૮ દરેક અર્થનું વ્યક્તિત્વ સમાનવિચારની જુદી જુદી અર્થચ્છાયાઓ પ્રગટ કરવામાં રહેલું હતું. - આ સામૂહિક-જીવનમાંથી શબ્દોએ બૌદ્ધિક અર્થોમાંથી એક કે વધારેને વ્યક્ત કરવાની આગવી મૂડીની પદ્ધતિ વિકસાવી..... તે ભાષાની પ્રારંભિક દશાનો ઈતિહાસ છે. પૃ.૮૬

૯ ત્યારપછી પ્રત્યેક શબ્દે પોતપોતાનું સ્વતંત્ર જીવન શરૂ કર્યું. પૃ.૮૬

૧૦ છેલ્લા તબક્કામાં..... વિચાર અતિ મહત્ત્વનો બની જાય છે અને ધ્વનિ ગૌણ બની જાય છે.

૧૧ તે વિકાસ સામાન્યમાંથી વિશિષ્ટનો, અચોક્કસમાંથી ચોક્કસનો, ભૌતિકમાંથી માનસિકનો, સ્થૂળમાંથી ભાવવાચકનો હોય છે. પૃ.૮૬

૧૨ ભાષાના આ ભૂતકાળના ઈતિહાસમાંથી આપણે કેટલાક નિગમનો તારવી શકીએ : (૧) સંસ્કૃત ભાષામાં ધ્વનિ અને અર્થનાં સંબંધો..... ના જ્ઞાનથી..... ભૂતકાળના ઈતિહાસને સજીવન કરીને..... શબ્દોના તે અર્થો કેમ નીકળ્યા તે નક્કી કરી શકીએ. (૨) એક જ શબ્દના તે ભિન્ન અર્થ કેમ (શા માટે) નીકળ્યા તેની સમજૂતી આપી શકીએ. પૃ.૮૭

૧૩ એક જ વિચારને વ્યક્ત કરવા માટે અનેક નકામા શબ્દોના ઉપયોગ પ્રત્યે બુદ્ધિ અસહિષ્ણુ બની. પૃ.૮૮

૧૪ વૈદિક સંસ્કૃત ભાષા - બૌદ્ધિક નિશ્ચિતતામાં અક્કડ સ્વરૂપમાં તદ્દન બંધાઈ ગઈ નથી. પૃ.૮૮

૧૫ (વૈદિક સંસ્કૃતમાં) શબ્દોનો ઉપયોગ ખૂબ નમનીયતાપૂર્વક કરવો શક્ય

હતું. પૃ.૮૯

૧૬ કેટલીક વાર તેના (ઋષિના) મનમાં રમી રહેલા માનસશાસ્ત્રીય ખ્યાલ માટે તે રૂઢિબદ્ધ રૂપક વાપરે છે. પૃ.૮૯

૧૭ આ બધા દેવો એક વૈશ્વિક-દેવનાં વ્યક્તિત્વો છે તે વાત શ્રોતાઓના મનમાં કેવી રીતે મૂકી આપવી ? દેવોનાં નામો-વિશેષણો છે..... વિશેષ નામો નથી. પૃ.૯૦

૧૮ પાછળના સમયમાં યુક્તિ-પ્રયુક્તિ જ જ્ઞાન સાચવી રાખવામાં વિઘ્નરૂપ બની, કારણ..... ભાષાએ..... પહેલાની નમનીયતા ખોઇ નાખી..... ભાવાર્થનો આત્મા ભૂલાઈ ગયો.

*** *** ***

(વેદનું રહસ્ય ભા. ૨ પૃ. ૩૦૯-૩૧૦)

૧ માનવ-ભાષા પણ પૃથ્વી ઉપર નહિ, સ્વર્ગમાં રચાઈ છે. પૃ. ૩૦૯

૨ પ્રાચીનો જેને મહત્ કહેતા તે વિચારોના લોકની ભૂમિકા હોય છે. તેમાં સ્વયંભૂ..... જ્ઞાનનું તત્ત્વ હાજર હોય છે. પૃ. ૩૦૯

૩ બુદ્ધિયુક્ત-મનની એજન્સીઓ..... અનિશ્ચિત પગલાં દ્વારા તેનો વિકાસ કરે છે..... પરિણામે પરિવર્તન, ક્ષય, મૃત્યુ..... પૃ. ૩૦૯

૪ આ બધું મનના લોકમાં તથા પદાર્થ-તત્ત્વના લોકમાં અવતરણ થતાં જન્મે છે. પૃ. ૩૦૯

૫ (વૈદિક સંસ્કૃત) આ દેવભાષા છે. સત્યયુગમાં બોલાતી હતી..... પરિવર્તન આવ્યું..... ક્ષીણતા આવી..... એટલે..... પ્રાકૃત, પ્રાંતીય ભાષાઓનો જન્મ થયો. પૃ. ૩૦૯

૬ ભાષાના રક્ષકો હંમેશા મૂળની વિશુદ્ધિને પાછી લાવવા પ્રયત્ન કરે છે, પણ તેઓ કરી શકતા નથી. પુનર્રચના પામેલી ભાષાને તેઓ સંસ્કૃત (સુધારેલી) ભાષા કહે છે. બીજી બધી પ્રાકૃત ભાષાઓ ગણાય છે. પૃ. ૩૦૯

૭ પ્રાચીન આર્યભાષાઓમાં એક વસ્તુ સર્વસાધારણ છે..... ધાતુઓ,

ધાતુઓમાંથી તાત્ત્વિક શબ્દો બને છે. પૃ.૩૧૦

૮ સંસ્કૃત, ગ્રીક, લૅટિન, જર્મન, કેલ્ટિક, તામિલ, ફારસી, અરેબિક જેવી પ્રાચીન ભાષાઓની હકીકતો પરથી એક તર્કયુક્ત પાયો રચવો (જરૂરી છે) પૃ.૩૧૦

૯ મારી યોજનાના પાયા તરીકે પ્રથમ હું સંસ્કૃત ગ્રીક, લૅટિન અને તમિલ - આ ચાર ભાષા લઈશ. પૃ.૩૧૦

૧૦ પ્રથમ હું દેવભાષાના ધાતુઓનું નિર્માણ જે સિદ્ધાંત પર કરવામાં આવ્યું હતું તેને સૂચવીશ..... આકાશમાં માતરિશ્વાની સર્જનાત્મક-શક્તિના સામર્થ્ય વડે પ્રથમ 'વાક્' પ્રગટે છે. તે શબ્દને 'અપસ'ના પ્રવાહમાં યોગ્ય સ્થાને મૂકવામાં આવે છે..... તે શબ્દ નિશ્ચિત અર્થોને લઈ આવે છે..... વાયુમાં તે ગતિ કરે છે. તેજમાં રૂપો નિર્માણ કરે છે..... આ ત્રણ તત્ત્વો..... સામાન્ય સંવેદનો નિશ્ચિત કરે છે. સંવેદનોમાંથી સર્જાયેલા રૂપો અનુસાર તેમના અનેક-નિશ્ચિત અર્થો વિકસે છે. પૃ.૩૧૦

ફક્ત હવામાં જ અનુમાનો કરીને વૈદિક-સૂક્તોમાં વપરાયેલા શબ્દોનો મનગઢંત અર્થો કાઢવાથી વેદોનું સત્ય હસ્તગત થવાની શક્યતા નથી. ભાષાના શબ્દો દુર્બોધ લાગતા હોય તો શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રનો આધાર લેવો જરૂરી છે, જેમાં તે શબ્દ મૂળ ક્યાંથી આવ્યો અને તેના કાલાંતરે અર્થોમાં કેવી રીતે ફેરફાર થયાં તેનો અભ્યાસ કરવામાં આવે છે. તેથી વૈજ્ઞાનિક ઢબે વિકાસ પામેલા શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રની જરૂર પડે છે.

વેદોની ભાષામાં વપરાયેલાં શબ્દોનું અર્થઘટન કરવામાં બે મુશ્કેલીઓ નડે છે :

૧ પ્રથમ તો એક જ શબ્દના અનેક અર્થો માન્ય કરવા પડે છે. પછી તેમાંથી વિવિધ કસોટીઓથી નિશ્ચિત અર્થ મેળવી શકાય છે. નિશ્ચિત નવો અર્થ માન્ય કર્યા પછી શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રે તે અર્થ કેવી રીતે રૂઢ થયો તેનું પણ સ્પષ્ટીકરણ આપવું જરૂરી છે.

૨ વેદોનાં ચાવીરૂપ શબ્દો દ્વિઅર્થી હોય છે. સંસ્કૃતમાં આના આધારે જ 'શ્લેષ' અલંકાર માન્ય થયો છે, પણ આવા અસંખ્ય ઉદાહરણો વેદોમાં ઠેરઠેર જોવા મળે છે તેનું કારણ શું ? એ પણ સમજી લેવું જરૂરી છે. દા.ત. અશ્વ એટલે ઘોડો

એ સ્થૂળ અર્થ છે, જ્યારે પ્રાણશક્તિ એ સૂક્ષ્મ અર્થ છે. આ પ્રાણશક્તિ એ મન અને સ્થૂળ ભૌતિક શરીરને જોડનારું મધ્યસ્થ તત્ત્વ છે, જે થોડુંક મન જેવું-થોડુંક ભૌતિક વસ્તુ જેવું છે.

આર્ય ઋષિઓની મૂળ વૈદિક સંસ્કૃત ભાષાની અમુક વિશેષતાઓ છે. ભાષાના પ્રાથમિક વિકાસમાં એક જ શબ્દ અનેક વસ્તુઓ માટે વાપરવામાં આવે છે. ભાષાના વિકાસ સાથે આ તેનું કાર્યક્ષેત્ર બુદ્ધિ દરેક વસ્તુની ખાસિયત ધ્યાનમાં લઈને ઓછું કરતી જાય છે અને અંતે, એક શબ્દ એક અર્થની કક્ષાએ પહોંચે છે. દા.ત. નાના બાળકના ‘મમ્ મમ્’ શબ્દમાં બધી જ ખાવાની વસ્તુ આવી જાય છે. ‘ભૂ’ શબ્દમાં બધાં જ પ્રવાહીઓ આવી જાય છે. ‘હા’ શબ્દમાં બધી જ હાનિકારક વસ્તુઓ આવી જાય છે. પણ તેનો બુદ્ધિનો વિકાસ થતાં દરેક ખાવાની વસ્તુ માટે શાક, રોટલી વગેરે, પીવાની વસ્તુ માટે દૂધ, ચા, પાણી, શરબત વગેરે, હાનિકારક વસ્તુ માટે દાઝવું, પડવું, વાગવું વગેરે ખાસ શબ્દો વાપરતા તે શીખે છે. સારાંશ, વૈદિક સંસ્કૃતમાં પણ શરૂઆતમાં ભાષાની પ્રાથમિક-અવસ્થાને કારણે એક જ શબ્દ અનેક અર્થો માટે વપરાતો હતો.

તે પછી મધ્યાવસ્થા પ્રાપ્ત થઈ. તેમાં બાહ્ય અર્થ જુદો અને આંતરિક અભિપ્રેત અર્થ જુદો એવી દ્વિઅર્થી ભાષા આવી. તેમાં સૂચક અર્થ બોલવાનો તબક્કો શરૂ થયો. વેદનાં શરૂઆતનાં સૂક્તો પ્રથમ તબક્કાનાં છે. તે પછીનાં બીજા તબક્કાનાં છે.

ત્રીજા તબક્કામાં બુદ્ધિની વિશ્લેષણ-ક્ષમતાનો ઉપયોગ કરીને અર્થની જુદી જુદી છટાઓ ધ્યાનમાં આવતી ગઈ અને તે મુજબના ખાસ શબ્દો વિકસ્યા. આ તબક્કાના અંતિમ ચરણે એક અર્થ એક શબ્દની અવસ્થા પ્રાપ્ત થઈ. દર્શનોની ભાષા આ ત્રીજા તબક્કાની ભાષા છે. દા.ત. ભૅુ શબ્દથી ગાય પ્રાણી જ સૂચવાય છે. જ્યારે વેદકાળમાં ‘ગો’ શબ્દ બાહ્યાર્થમાં ગાય અને સૂચિતાર્થમાં પ્રકાશ એમ છે. આ તો એક જ ભાષાના સરળ વિકાસના તબક્કા થયા, પણ જ્યાં વિવિધ ભાષાઓ એકબીજા ઉપર પ્રભાવ પાડતી હોય ત્યાં આ તબક્કાઓમાં પણ વિશેષતા દેખાય છે. નવો શબ્દ જે છે તે સ્થિતિમાં જ પોતાની ભાષામાં સ્વીકારી લેવાની પ્રથા પણ શરૂ થાય છે. ભાષાની લઢણ બદલાય છે. વ્યાકરણના નિયમોમાં નવા ધારાધોરણ આવે છે.

વૈદિક ભાષા હજી બૌદ્ધિક જડ ધોરણોમાં કેદ થયેલી નહોતી. આથી જ વૈદિક ઋષિઓ ગૂઢ ભાષા વાપરી પોતાના આધ્યાત્મિક જ્ઞાનને સામાન્ય લોકો પાસેથી છુપાવી શક્યા. આ પાછળનો ઉદ્દેશ સામાન્ય માનવ તે આધ્યાત્મિક-જ્ઞાનનો દુરુપયોગ કરીને પોતાને અને સમાજને નુકસાન ન પહોંચાડે આ ઉદાત્ત હેતુ હતો.

ભાષાના વિકાસ પાછળ તે ઋષિઓના આધ્યાત્મિક સિદ્ધાંતો અને પ્રાચીન માનસશાસ્ત્ર બંને કામ કરતાં હોય છે.

વાણી કે ભાષાના આધ્યાત્મિક દૃષ્ટિએ ચાર પ્રકાર પાડવામાં આવ્યા છે - પરા, પશ્યંતિ, મધ્યમા, વૈખરી. અંતિમ વૈખરી ભાષાનો જ અભ્યાસ આજનું વ્યુત્પત્તિશાસ્ત્ર કરે છે, પણ ઋષિઓ તેની પાછળ મધ્યમા, પશ્યંતિ અને પરાવાણીનું પણ કાર્ય જોતાં હતાં. સ્વગત બોલાયેલા શબ્દો એ મધ્યમા ભાષા છે. તેમાં વિચાર-વિનિમય અન્યો સાથે હોતો નથી, પણ પોતે જ પોતાના વિચારો, ભાવો સાથે તે વિનિમય થતો હોય છે. પશ્યંતિ ભાષામાં ભાવ સાથે નિર્માણ થતાં માનસચિત્રો જે - તે વ્યક્તિ ચિત્તમાં મનની આંખથી જોતો હોય છે. તે મનોમય જગત સાથે તે વિનિમય કરતો હોય છે. પરા ભાષામાં તે ચૈતન્ય, ચેતનામાં ઊઠતાં દિવ્ય-સંવેદનસ્વરૂપ સંકલ્પો સાથે વિનિમય કરતો હોય છે અને તે વિનિમય શબ્દાતીત મૌનમાં જ હોય છે.

વૈદિક ઋષિઓ પોતાનાં સૂક્તો દર્શન કે શ્રવણથી પ્રાપ્ત થયાં છે એમ જ્યારે કહે છે, ત્યારે તે તેમને પશ્યંતિ વાણીમાં પ્રાપ્ત થયેલાં હોવાં જોઈએ. તે સત્યો હજી ભૌતિક સ્તરે પ્રગટ થયેલાં ન હોવાથી તેમના માટે વૈખરી વાણીમાં હજી યોગ્ય શબ્દોનો વિકાસ થયેલો ન જ હોય તે નિશ્ચિત છે. તેથી જ્યારે તેઓ તેને વૈખરી ભાષામાં પ્રગટ કરવા મથે છે, ત્યારે તે ભાષા ઉપર પશ્યંતિ ભાષાનો ભારોભાર પ્રભાવ હોવાથી તે સામાન્ય ભાષામાંના સામાન્ય શબ્દો સૂચક અને પ્રતીકાત્મક બની જાય એ સ્વાભાવિક છે. આ પ્રતીકો પણ પશ્યંતિ ભાષામાંથી જ આવેલાં હોય છે. બુદ્ધિનું સર્જન નથી હોતું. આ ભાષાના ઉદ્ભવની આ વિશેષ પ્રક્રિયા કોઇ પણ વ્યુત્પત્તિશાસ્ત્ર ધ્યાનમાં લેતું નથી તે જ તેમની ઊણપ છે. તેથી આધુનિક વિદ્વાનોને તેમની ભાષા ન સમજાઈ (ઋષિઓએ તેઓના સાધનાકાળમાં 'દૃષ્ટિ' અને 'શ્રુતિ' આ બંને સિદ્ધિઓનો અભ્યાસ કરી પશ્યંતિ ભાષાની ક્ષમતા વિકસાવી હતી.) (ક્રમશઃ)

# સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

# યોગમાં યશસ્વી થવાની શરતો

પ્રકરણ - ૧૮

(ખંડ-૨, પૃ.૮૪-૮૬) (તા.૯-૯-૧૯૨૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**શિષ્ય :** તંત્રમાંનાં યંત્રો એ યોગચક્રોનાં પ્રતીકો હોય છે, તે ક્રમે ક્રમે ખુલે છે.

**શ્રી અરવિન્દ :** પણ ખુલવાનો ક્રમ ખરેખર નિશ્ચિત નથી. હૃદયકેન્દ્ર ખુલે એ સહુથી સારું છે.

**શિષ્ય :** વામનાવતારની વાર્તામાં આ જ વસ્તુ પ્રતીકાત્મક રીતે દર્શાવી છે. સાધનામાં મન, પ્રાણ અને શરીર આ ત્રિલોકનાં કેન્દ્રોને અસુરોની અસરોમાંથી મુક્ત કરવાની તેમાં વાત છે. બલી અસુર શક્તિનો પ્રતિનિધિ છે. વામન સાધકની ઊગી નીકળતી ચેતનાનો વામન ઉપરનાં ત્રણે કેન્દ્રો પોતાના હસ્તક લઈ લે છે.

**શ્રી અરવિન્દ :** મેં પણ તે જ અર્થ માન્ય રાખ્યો છે.

**શિષ્ય :** ઉચ્ચતર શક્તિ મનનું રૂપાંતર કરે છે ત્યારે મનમાં ખરેખર કયા ફેરફારો થાય છે ?

**શ્રી અરવિન્દ :** મનની તાર્કિક અને કાલ્પનિક ગતિઓને બદલે આંતરદર્શનની ગતિ મૂકાય છે.

**શિષ્ય :** તર્કબુદ્ધિ બિલકુલ રહેતી નથી ?

**શ્રી અરવિન્દ :** આંતરદર્શન જ સમજણ આપે છે તેથી તેનો ઉપયોગ ઘટી જાય છે.

**શિષ્ય :** પણ સત્યને વ્યવહારમાં લાવવા તો તર્કશક્તિનો ઉપયોગ જરૂરી છે ને ?

**શ્રી અરવિન્દ :** સત્ય પોતે અવ્યવહારુ છે એમ શા માટે તમે માનો છો ? તેની પોતાની આંતરદર્શન શક્તિ તેને માર્ગ દર્શાવે છે.

**શિષ્ય :** શું માનસિક રચનાઓ સત્ય પ્રેરિત ન હોઈ શકે ?

**શ્રી અરવિન્દ :** તે આંતરદર્શનનો ઉપયોગ કરીને જ તેવું કરે છે, છતાં તેમાં ભૂલ

રહેવાની શક્યતા તો છે જ.

**શિષ્ય :** તો શું તર્કશક્તિ સત્ય વિરોધી જ હોય છે ?

**શ્રી અરવિન્દ :** મન અને બુદ્ધિનાં ઉધામા શાંત કરવા એ સાધનાનો પાયાનો પ્રયત્ન હોય છે. સત્ય પોતાની મેળે અવતરણ પામી આપણી પ્રકૃતિને પછી બદલે છે.

**શિષ્ય :** વિકસિત મન અને અવિકસિત મનવાળા લોકો સત્ય પ્રત્યે ખુલ્લા થાય તો કોણ વધારે પ્રગતિ કરી શકે (જો તર્કશક્તિ અવરોધરૂપ જ ગણાય તો)

**શ્રી અરવિન્દ :** અવિકસિત મન સત્ય પ્રત્યે ખુલ્લું થતું નથી અને થાય તો પણ તે પૂર્ણ ઉઘાડ હોતો નથી. તે સંકુચિત જ રહે છે. તેથી સાચી સમજણ કરતાં ગેરસમજણ વધારે નિર્માણ કરે છે. જો વિકાસ પામે તો તે પ્રથમ વિકસિત ઉચ્ચ મનમાં રૂપાંતર પામે છે.

વિકસિત મનમાં ઉઘાડ આવતા જ સત્યને પોતાના ઉપયોગ માટે ઘણી વિકસિત ક્ષમતાઓ હાતવગી મળી જાય છે. પણ ખૂબ જ વિકસિત, તર્કપ્રધાન મન પણ શંકા-કુશંકા લઈને અવરોધ નિર્માણ કરે છે. ઘણી વખત સત્યના અવતરણ સાથે ચિત્રકલા કાવ્ય-સામર્થ્ય અચાનક પ્રગટ થાય છે.

**શિષ્ય :** શું તે પૂર્વ જન્મની તૈયારી રૂપ ન ગણાય ?

**શ્રી અરવિન્દ :** બધાનાં જ મૂળ પૂર્વજન્મમાં હોતા નથી. આ જન્મનાં સત્યનાં અવતરણનાં પણ પરિણામો હોઈ શકે છે.

---

(અનુ.પાના ૪૪ ઉપરથી) **વિદ્યાર્થીઓને માર્ગદર્શન**

**તરીકે શીખવવાનાં નથી પણ જીવનમાં દિવ્ય-ચેતનાનો સાક્ષાત્કાર કરવાનું શીખવવાનું છે. તે માટે શિક્ષકે પોતે તેવું જીવન જીવી બતાડવું પડશે. જે વ્યક્તિ આવું જીવન જીવશે, તેનો પ્રભાવ આસપાસના લોકો ઉપર પડ્યા સિવાય રહેવાનો નથી. પૃ.૧૦૩**

૭ **શારીરિક - શિક્ષણનો શિક્ષક તો તેના શિક્ષણનો પોતે જ જીવંત દાખલો હોવો જરૂરી છે. પૃ.૧૦૩**

૮ **શિક્ષકમાં વ્યવહારચાતુર્ય અને વિવેક બન્ને હોવા અત્યંત જરૂરી છે. પૃ.૧૦૩**

## કોષિતકી વિદ્યા

પ્રકરણ-૩૯ (કોષિતકી ઉપનિષદ)

પ્રાણ અને પ્રજ્ઞાશક્તિ એક જ વાસ્તવિકતાની બે અભિન્ન બાજુ છે (પ્રાણોસ્મિ પ્રજ્ઞાત્મા) એ સત્ય દર્શાવવું એ આ ઉપનિષદનો હેતુ છે. તે માટે એક આખ્યાન આવે છે.

ચિત્ર ગાર્ગ્યાયણિને યજ્ઞ કરવો હતો. તેમણે આરુણિ ઋષિને મુખ્ય તરીકે નિમ્યા. આરુણિને અન્ય કામ નીકળતા પોતાના પુત્ર શ્વેતકેતુને યજ્ઞ કરવા મોકલ્યો.

''હે શ્વેતકેતુ, તમે મને યજ્ઞ દ્વારા જે લોક મેળવી આપનારા છો ત્યાં જવાનો માર્ગ કયો તેમ જ તેનો અંત કયા સ્વરૂપનો છે?'' ચિત્રે પુછ્યું.

શ્વેતકેતુ મૂંઝાઈ ગયો. ''યજમાનશ્રી, હું તે જાણતો નથી પણ તાતને પૂછીને આવું છું.'' તે પિતા આરુણિ પાસે પહોંચી ગયો. પ્રશ્નનો જવાબ આરુણિને પણ ખબર નહોતો.

બન્ને નમ્ર બનીને ચિત્ર પાસેથી જ્ઞાન મેળવવા હાજર થયાં. ચિત્ર ગાર્ગ્યાયણિએ તેમને શિષ્યભાવે સ્વીકારી ઉપદેશ આપ્યો :

''ઋષિવર, દેવયાન માર્ગની સાધના દ્વારા અન્ય લોકોનો અનુભવ થાય છે. તે સાધનામાર્ગમાં શરીરમાં સૂર્યના અરુણોદય સમાન પ્રકાશને ધારણ કરવાનું ધ્યાન કરવાનું હોય છે. તે પ્રકાશ શરીરમાં સ્થિર થતાં તેને શરીરમાં સ્થિર થએલો પ્રકાશ અર્થાત્ અગ્નિ કહેવાય છે. 'અ' નકારાર્થ પદ છે, 'ગ' ગતિ વાચક. અર્થાત્ બન્ને પદનો સંયુક્ત અર્થ છે ગતિશૂન્ય સ્થિર-પ્રકાશ. શરીરની બહાર તેના તેજોવલયમાં અર્થાત્ પ્રભામંડળમાં જે પ્રકાશ સ્થિર થાય છે તે શરીરમાંના અગ્નિથી વધારે સૂક્ષ્મ હોવાથી તેને 'વાયુ' કહે છે અને શરીર બહારના પ્રભામંડળના પ્રદેશને અંતરિક્ષ કહે છે, કારણ તે આંતર-ચક્ષુથી જ જોવાય છે; સ્થૂળ ચક્ષુથી નહિ. તે પ્રભામંડળની બહાર સર્વવ્યાપી દેખાતા પ્રકાશને આદિત્ય અર્થાત્ સૂર્ય કહે છે, કારણ તે સાચો શુદ્ધ દિવ્ય-પ્રકાશ છે. સૂર એટલે દેવ. સૂર્ય એટલે દૈવી. પણ આ ત્રિભુવન અથવા

ત્રિલોક કરતાં પણ ઉપર એક સૌમ્ય, શાંત, શીતલ, ચાંદની જેવો પ્રકાશ હોય છે તેને સોમલોક કહે છે. સોમ એટલે ચંદ્ર.

આ સોમલોકની બે ક્ષમતાઓ છે : તે દિવ્ય-શક્તિ અર્પે છે. જેને 'પ્રાણ કહે છે. બીજું, તે સર્જન-શક્તિ બક્ષે છે, જેને 'પ્રજનન' કહે છે. સોમમાંથી જ ઓજસ તૈયાર થઈને વનસ્પતિથી માંડી માનવ સુધી બધાને પોષણ આપતું હોય છે (સોમો ભૂત્વારસાત્મકઃ ગીતા) આ છે પ્રાણશક્તિની ઓળખ.

જે પ્રજનનના માર્ગને અનુસરે છે તે વારંવાર જન્મ લે છે. તે જો પ્રાણના માર્ગથી પણ આગળ વધે છે. દેવો તેની અભીપ્સા જાણે છે. જો તેમને લાગે છે કે તે સાધક 'સોમ' સાથે એકરૂપ થઈ ગયો હોય તો તેનો ભાવ એ હોય છે કે જે દેવો છે તે જ પોતે છે. પોતે સર્વવ્યાપી બ્રહ્મતત્ત્વ છે, તેથી તે બ્રહ્મલોકમાં પ્રવેશે છે. આમ દેવયાન- પંથના અગ્નિ, વાયુ, આદિત્ય, સોમ અને બ્રહ્મલોક આવા ચડતા ક્રમે તબક્કા છે. બ્રહ્મલોકમાં સાધક પોતાની ચેતનાને વિશ્વવ્યાપી કરે છે.

આ બ્રહ્મલોકમાં વિજરા નામની નદી છે. અર્થાત્ ત્યાં ઘડપણ વગરનો જીવન-પ્રવાહ છે (વિ+જરા) ત્યાં 'ઈલ્ય' નામનું વૃક્ષ છે. 'ઈલા' એટલે સર્વવ્યાપી સૌમ્યપ્રકાશ. અર્થાત્ તે સાધકે ધારણ કરેલો 'સોમપ્રકાશ' વૃક્ષની જેમ વધતો જ જાય છે (ઇલ્ય એટલે ઇલા જેવો) 'સાલજ્ય' નામનું નગર છે. ત્યાં ચેતનાનું સંકોચન નથી (સ+અલજ્ય) લજ્ય એટલે સંકોચાવું, લાજવું. ત્યાં 'અપરાજિત' નામનો મહેલ છે. અપરાજિત એટલે અજેય. આ ચેતનાની સ્થિતિમાં પછી પતન નથી. તે મહેલનાં ઇન્દ્ર અને પ્રજાપતિ દ્વારપાલો છે અર્થાત્ પ્રકાશમય મન અને દિવ્ય પ્રાણરૂપ સર્જનશક્તિ. આ બન્ને આ ચેતનાની અવસ્થાનાં રક્ષક છે. તે અવરોધોને અચિત્‌ની લહેરોને પ્રવેશવા જ દેતાં નથી. તે મહેલમાં 'વિભુ' નામનો મંડપ છે. ચેતનાની વિશાળતામાં જ સાધક રહેતો હોય છે. વિભુ એટલે સર્વવ્યાપી વિશાળતા. તે મંડપ નીચે વિચક્ષણા નામનું સિંહાસન છે. વિચક્ષણા એટલે વિચક્ષણ એટલે ચમત્કારિક પ્રજ્ઞાશક્તિ. તેનો આધાર લઈને જ સાધક જાણે છે ત્યાં 'અમિતૌજા' નામાનો પલંગ છે અર્થાત્ અસીમ (અમિત) પ્રકાશ (ઓજ)માં જ તે સાધક વિશ્રાંતિ લેતો હોય છે. માનસી અને ચાક્ષુસી તેની બે પત્ની છે અર્થાત્ દિવ્યભાવ (માનસી) અને દિવ્યદર્શન (ચાક્ષુસી) આ બે પ્રકારની અનુભૂતિઓ તેની જીવનસાથી છે. તે બન્ને પત્નીઓ 'વૈરાજ'રૂપી માળા ગૂંથતા હોય છે 'વૈરાજ' એટલે વિશ્વ-ચેતના, વિરાટ-ચેતના, તેને તેઓ પ્રત્યક્ષ કરતા હોય છે.

ત્યાં 'અંબયા' નામની જલધારાઓ છે અર્થાત્ માતાની જેમ કરુણાભાવ આ સાધક વર્ષાવતો હોય છે.

જે સાધકને આ બધું અનુભવાય છે તે બ્રહ્મલોકમાં સ્થાયી થાય છે. વર્ણન આગળ વધે છે. તેની પાંચસો અપ્સરાઓ સેવા કરે છે. 'અપસર'નો અર્થ છે નિસરેલી ચેતના. પરમ ચેતનાને 'આપ' કહે છે. તે પાણી જેવી નિર્મળ, પોતે નિરાકાર પણ સાકાર થવાની ક્ષમતા ધરાવનારી છે. તે પાણીની જેમ અવતરણ પામે છે માટે પરમ-ચેતના જ 'આપ' છે. અપ્સરા છે તે પ્રજ્ઞામાંથી નીચે અવતરણ પામતી આંતરપ્રેરણાઓ અહર્નિશ તે સાધકનું જીવન સુરક્ષિત રાખવાની, આનંદમય કરવાની કાળજી લેતી હોય છે.

આ વખતે બ્રહ્મ સાધકને પૂછે છે : ''તું કોણ છે?''

સાધકે જવાબ આપવાનો છે : ''જે તું છે, તે જ હું છું.''

''હું કોણ છું?''

''સત્ય''

''સત્ય શું છે?''

''જે દેવોથી પર છે (અધિમનસથી પર છે) તે સત્ છે અને દેવો તેનો આવિર્ભાવ- માત્ર છે, તેથી તેઓ 'ત્યમ્' છે. 'ત્યમ્' એટલે તેમાંથી આવિર્ભાવ પામેલાં દેવો સત્યનાં આવિર્ભાવમાત્ર છે.''

સત્યનું પુરુષવાચક નામ શું? ----

'પ્રાણ'

સત્યનું સ્ત્રીવાચક નામ શું? ---

'વાક્'

સત્યનું નપુંસકવાચક નામ શું? --

'મન'

(અર્થાત્ સત્ય નથી પુરુષ, નથી સ્ત્રી, નથી નપુંસક. તે બધું જ છે અને બધાથી પર છે)

બ્રહ્મપ્રાપ્તિના ત્રણ તબક્કા છે. તે જ્યારે અસીમ-ચેતનાને ધારણ કરે છે ત્યારે તેને 'બ્રહ્મયશ' કહે છે. જ્યારે તે પ્રાણ, વાક્, મનને પણ બ્રહ્મ તરીકે જાણે છે ત્યારે

(અનુ.પાના ૨૩ ઉપર)

# સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૧૫૨-૧૫૭)

પ્રકરણ - ૨૪ **અવતરણો**

# આધ્યાત્મિક-બળો દ્વારા રોગ-નિવારણ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 (Force of Yoga-Shakti) It is here coiled up and asleep in all the centres of our inner-being (Chakras) and is at the base what is called in the Tantra the Kundalini - Shakti. But it is also above us, above our head as the Divine Force (the power of the Mother) ..... to this force we have to open ourselves. P.152

2 What is the Yogic - method of getting rid of the pain..... To separete your self from the thing and call in the Mothers Force to cure it or else to use your will force with faith in the power to heal, having the support of the Mother's Force behind you. P.152

3 All life is the play of universal forces. Most people do not choose, they indulge in the play of the forces. P.152

4 Spiritual force can produce mental results, vital results, physical results, or it may act directly on mind, vital ,life or Matter. P.153

5 One has to train the instrument to be a channel of this force, it works according to a certain law and under certain conditions. P.154

6 Its effectiveness as well as its action (ie result) is determined first by its own height and intensity or that of the plane from which it comes. P.154

7 People are not even conscious of the action of the divine Force in them. And yet the consciousness is at work, working all the time. P.155

8 How should one practice (to be conscious of) this consciousness ? You must establish this will to be conscious constantly and then change the mental will into an aspiration..... look at your life with the sincerity not to make mistake, never to deceive yourself (then) feeling it (the consciousness) concretely and consequently being able to direct it..... These including the will, receptivity, assent, self opening and surrender of the sadhaka have to be respected by the yoga force. P.156

9 But it is invisible..... How is..... the physical mind to know that ? P.156

10 To become aware of inner things, to believe in the experience of the invisible

(things)..... and then by experience..... it becomes conscious..... just as the scientist uses the unseen forces of Nature. P.156

11 These are the two main methods, one internal, working from in outward, the other external working from outside and calling..... till it penetrates and is visible. P.157

12 This weight or pressure on the head is the sign that the Mothers force is in contact..... pressing from above to envelop your being..... sometimes it comes first as Peace, Force - Mother's consciousness..... Her presence. P.157

વ્યક્તિની સાધના સાથે વધારે ને વધારે પ્રગટ થતી પણ ગુપ્ત રીતે પહેલેથી જ રહેલી એક આધ્યાત્મિક-શક્તિ છે. તેને માતાજીની શક્તિ અથવા યોગશક્તિ કહે છે. તે વ્યક્તિનાં બધાં જ યોગચક્રોમાં સુપ્ત અવસ્થામાં પડેલી છે. તે સુપ્ત-શક્તિને જાગ્રત કરનારી યોગશક્તિ આધારમાં સુપ્ત અવસ્થામાં પડેલી છે. તેને તંત્ર કુંડલિની- શક્તિ કહે છે. પણ તે વ્યક્તિની મસ્તકની ઉપર પણ છે અને તે પ્રગટ, જાગૃત અને સક્રિય છે. તે વિશાલ અને પ્રકાશમય છે. આ શક્તિને જ માતાજીની શક્તિ કહે છે. આ શક્તિ ચેતનાના વિકાસ સાથે રોગ-નિવારણ પણ કરી શકે છે.

તો પછી તે રોગ નિવારવાની પદ્ધતિ શી છે ? પ્રથમ તો રોગીએ હૃદયમાં ચેતનાને એકાગ્ર કરી રોગનાં સંવેદનોથી મુક્ત અને નિર્લેપ બનવાનું છે અને ઊર્ધ્વમાંની માતાજીની શક્તિને રોગ નિવારવા નીચે બોલાવવાની છે અથવા બીજી પદ્ધતિનું સાર- ચેતનાને ઉપર લઈ જઇને માતાજીની શક્તિ અને ચેતના સાથે એકરૂપ થઈ જવાનું છે અને પછી સંકલ્પબળે તે શક્તિ સાથે રોગ નિવારવા દબાણ મૂકવાનું છે. બન્ને પદ્ધતિનો મૂળ સિદ્ધાંત છે કે જીવન સમગ્ર એ વૈશ્વિક-શક્તિઓની રમતનું પરિણામ છે. લોકો તે વસ્તુ જાણતા નથી, તેથી વિશ્વશક્તિઓના પરિણામોમાંથી પોતે પસંદગી કરી શકતા નથી અને બધી જ શક્તિઓ તેને રમાડતી હોય છે. માંદગી, અવસાદ આ તેનાં જ પરિણામો હોય છે.

આધ્યાત્મિક-શક્તિ એ સર્વ શક્તિઓની મૂળ શક્તિ હોવાથી તેમાં અંદરથી કામ કરીને મનોમય, પ્રાણમય કે શારીરિક પરિણામો પણ નિર્માણ કરવાની ક્ષમતા હોય છે અથવા મન, પ્રાણ, શરીર ઉપર બહારથી દબાણ લાવીને પણ કાર્ય કરી શકે છે.

માતાજીની આ અધ્યાત્મ-શક્તિમાં સર્વ પ્રકારની ક્ષમતા છે પણ તે પણ અમુક નિયમોનુસાર અને અમુક પરિસ્થિતિનાં જ કાર્ય કરતી હોય છે. સ્વૈચ્છિક સમર્પણ

વગર એ પરાણે પોતાનું કાર્ય કોઈના માથે નાખતી નથી. તેથી તે શક્તિનું માધ્યમ પુરવાર થવા માટે વ્યક્તિએ પોતાના મન, પ્રાણ, શરીરને કેળવણી આપી તે મુજબ તૈયાર કરવાના હોય છે અન્યથા તે શક્તિ તેનો ઉપયોગ કરી શકતી નથી. આ સ્વૈચ્છિક મર્યાદાના સ્વીકારને કારણે ઘણી વખત આધ્યાત્મિક-શક્તિ નિશ્ચિત પરિણામ લાવવામાં અથવા તેને અમુક પૂર્ણતા આપવામાં સફળ થતી નથી એવું લાગે છે. ખરેખર, તે તેની અક્ષમતા હોતી નથી પણ તેણે વાપરેલા માધ્યમની પાત્રતા હોતી નથી.

લોકો આ આધ્યાત્મિક-શક્તિ તેમનામાં કાર્ય કરતી હોવા છતાં તેથી તેઓ અજાણ હોય છે અને છતાં પડદા પાછળ રહી તે શક્તિ અન્ય શક્તિઓ મારફત પોતાનું કાર્ય તો કરતી જ હોય છે. આ શક્તિ બાબત સભાન કેવી રીતે બનવું એ પ્રશ્ન છે. તે માટે પ્રથમ તો મનમાં સભાન બનવાનો દૃઢ સંકલ્પ સતત કરતા રહો. તે પ્રાણમાં પ્રવેશતા જ તીવ્ર અદમ્ય ઈચ્છા બનશે અને આખરે શારીરિક કોષોની કાયમી અભીપ્સા બની જશે. તે અભીપ્સાને નબળી પાડનારો કોઈ બનાવ કે તત્ત્વને જીવનમાં પ્રવેશવા ન દો. પોતાના જાતની છેતરપિંડી ન કરો. પ્રામાણિક બની રહો. ધીમે ધીમે આ આધ્યાત્મિક-શક્તિનાં આંદોલનો અને સંવેદનોને કોષો ઓળખતા થાય છે. તે શક્તિ પોતાનું અસ્તિત્વ છતું કરે છે. તે પછી તેને સંકલ્પ બળે ઈચ્છિત સ્થળે લઈ જવાનો અભ્યાસ કરો. આ આધ્યાત્મિક-શક્તિનાં કાર્ય અને હાજરીને કારણે તેની હાજરીની ગ્રહણક્ષમતા, તેના કાર્યને સંમતિ, આંતરિક - ઉઘાડનો અનુભવ, સમર્પણભાવમાં તીવ્રતા આ પ્રકારનાં પરિણામો સાધક વાસ્તવિક રીતે અનુભવી શકે છે. આ રીતે આ શક્તિ અદૃશ્ય હોવા છતાં સાધક નક્કર રીતે તે અનુભવી શકે છે. જેમ કોઈ વૈજ્ઞાનિક અદૃશ્ય-બળોને અને તેના કાર્યને નોંધી શકે છે તેવી જ આ વાસ્તવિક બાબત છે.

આવી રીતે આધ્યાત્મિક શક્તિનો ઉપયોગ કરવાની બે પ્રમુખ પદ્ધતિઓ છે : (૧) આંતરિક પદ્ધતિ (૨) બાહ્ય પદ્ધતિ. આંતરિક પદ્ધતિમાં આધ્યાત્મિક-શક્તિ અન્ય શક્તિઓની પાછળ રહીને તે શક્તિઓ દ્વારા કાર્ય કરે છે, જ્યારે બાહ્ય પદ્ધતિમાં વસ્તુ કે વ્યક્તિ ઉપર બહારથી દબાણ લાવી તે વસ્તુમાંની આંતરિક શક્તિઓને પોતાના સંકલ્પ મુજબ કાર્ય કરવા ભાગ પાડે છે.

આ આધ્યત્મિક - શક્તિ જ્યારે વ્યક્તિને સ્પર્શે છે ત્યારે નીચેનાં ખાસ પરિણામો

દ્વારા તેને ઓળખી શકાય છે :

(૧) મસ્તકની ઉપર, પાછળના ભાગમાં કે લમણા ઉપર ભાર કે દબાણનો અનુભવ થાય છે. તે શક્તિ દબાણ કરી સાધકની ચેતનામાં પ્રવેશવા માંગતી હોય છે તેનો આ આડકતરો પરિણામ હોય છે. ત્યાંથી પ્રવેશી તે નીચેના એક-એક ચક્રને ખોલતી અંતે આધારમાં જઈ સ્થિર થાય છે. તે માટે તે સમગ્રસ્વરૂપને બધી બાજુએથી આવરી પ્રવેશ મેળવવા પ્રયત્ન કરે છે.

(૨) ઘણી વખત આ દબાણ ન કરતાં જો થોડો ઘણો પણ ઉઘાડ હોય તો તેની મારફત પ્રવેશીને શાંતિ, ઉત્સાહ કે દર્શન દ્વારા પોતાનું અસ્તિત્વની જાણ કરે છે. ઘણી વખત શરીરમાંથી વિદ્યુત-શક્તિનો આનંદદાયક પ્રવાહ વહેતો હોય એવા સંવેદનો જગાડે છે. ઘણી વખત શારીરિક કોષોમાં તેને ગ્રહણ કરવામાં અવરોધ આવતા શરીરને અચાનક ઝાટકા લાગે છે. ઘણી વખત તે માતાજીની મૂળશક્તિ તરીકે જ સહસ્રારમાં પ્રગટ થાય છે ત્યારે અસીમ પ્રકાશ અને નિરાકાર અસીમતાનો અનુભવ આવતો હોય છે. ઘણી વખત ફક્ત માતાજીની હાજરીનો નક્કર અનુભવ કરાવે છે.

---

(અનુ.પાના ૪૮ ઉપરથી) **સુન્દરમ્ એટલે સુન્દરમ્**

**પ્રાથુ**

**શ્વસો મારાં સર્વે શ્વસન મહીં હા શ્વાસ થઈને,**
**સ્ફુરો મારાં સર્વે મનન મહીં હા ચિત્ત થઈને,**
**વસો મારાં સર્વે કરણ મહીં હા કર્મ થઈને,**
**લસો મારાં સર્વે સ્ફુરણ મહીં કા મર્મ થઈને.**

**- સુન્દરમ્**

સુન્દરમ્‌ની આ પ્રાર્થનામાં આપણને ગીતામાં રહેલો કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગને સમન્વય અનુભવાય છે. સુન્દરમ્ ત્રણેય યોગના સમન્વય દ્વારા આત્માના પ્રકાશને પ્રગટાવે છે અને પ્રકાશને ઝળહળાટ આપણને દર્શાવે છે. પ્રકાશનો ઝળહળાટ સુન્દરમ્‌માં રહેલા ન બુઝાય તેવા અભીપ્સાના દીપકની જ્યોત છે.

સુન્દરમ્‌ના જન્મદિનની સાચી ઉજવણી ‘પ્રાથુ’ પ્રાર્થના રૂપે સુન્દરમે અભિવ્યક્ત કરેલ ભાવ મુજબ જીવન જીવવાનો સંકલ્પ કરીને કરીએ.

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

**Aphorisms**

(માતૃવાણી ભા-૧૦, પૃ.૪૬-૪૭) - પ્રકરણ-૧૭

## અભેદબુદ્ધિની કરામત

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**મારી પાસે એક ભેદક બુદ્ધિ હતી, ત્યારે હું ઘણી વસ્તુઓમાંથી ઘૃણા પામીને પાછો ફરી જતો હતો. એ બુદ્ધિ જ્યારે જ્ઞાનમાં ખોવાઈ ગઈ ત્યાર પછી હું કદરૂપી અને ઘૃણાજનક વસ્તુઓને શોધવા આખા જગતમાં નીકળી પડ્યો, પણ મને એમાંનું કશું જડી શક્યું નહિ. (૧૭)**

''માતાજી, શું આનો અર્થ જગતમાં કદરૂપી અને ઘૃણાજનક કોઈ વસ્તુઓ જ નથી ? શું આપણી બુદ્ધિ જ તે પ્રમાણે જોતી હોય છે ?''

''બેટા, શ્રી અરવિન્દ આપણી ચેતનાની કક્ષાએથી આ વાત નથી કરી રહ્યાં. સાધના કરતા કરતા માણસ જ્યારે બુદ્ધિથી ઊર્ધ્વ એવી પ્રકાશમય ચેતનામાં પ્રવેશે છે ત્યારે ત્યાં તેને જણાય છે કે વસ્તુમાત્ર સત્-ચિત્-આનંદે લીધેલાં અવનવા રૂપો જ છે તે જ સત્યમ્-શિવમ્-સુન્દરમ્ તરીકે પ્રગટ થઈ રહ્યું છે. તેથી દરેક વસ્તુના આંતર-સ્વરૂપમાં જોવાની ક્ષમતા આપણે વિકસાવીએ તો ત્યાં તમને આત્માની પવિત્રતા, સુંદરતા અને આનંદ, પ્રેમ જ જણાશે. હવે જ્યાં સુંદરતાનો અનુભવ આવે ત્યાં શું કરૂપતાને વિચાર આવશે ? પ્રેમ અને આનંદનો સ્પર્શ થતા શું તમે ઘૃણા કરી શકશો ? સારાંશ, બાહ્યસ્વરૂપ ઘૃણાસ્પદ કે કદરૂપું હોય તો તેનાં આંતરિકસ્વરૂપમાં દૃષ્ટિ નાખતા જ તમે સમજી જશો કે આંતરિક-સૌંદર્ય અને પ્રેમ હજી બાહ્યસ્તરે પ્રગટ થયા નથી. તેથી આવું આપણને લાગે છે. આ વસ્તુ સ્વભાવતઃ, મૂળભૂત રીતે કદરૂપી કે ઘૃણાસ્પદ નથી જ.

બીજું, ઘૃણાસ્પદ અને કદરૂપાપણું આ સાપેક્ષા અનુભવ છે. જગતને આપણે કાયમ સાપેક્ષતાથી જ જોઈએ છીએ. આપણા મનમાં વસેલી વસ્તુ કરતાં આ વસ્તુ વધુ કદરૂપી હોય તો તમને તે કદરૂપી ભાસશે પણ તેથી ઓછી કદરૂપી હોય તો તેના કરતા વધારે સુંદર ભાસશે. આ વાસ્તવિક (objective) વસ્તુઓ નથી, પણ વ્યક્તિગત

(subjective) છાપો માત્ર છે.

આ ઊર્ધ્વ-ચેતનાનાં દર્શનની પદ્ધતિ છે. નિમ્ન-ચેતનામાં તમારી દૃષ્ટિ બાહ્ય-સ્વરૂપમાં જ અટવાઈ જવાથી તમને તે કદરૂપી અથવા ધૃણાસ્પદ લાગવાની શક્યતા છે.

જે વસ્તુ આપણને ત્યાજ્ય લાગે છે, છોડી દેવાની ઈચ્છા થાય છે તે જ ધૃણાસ્પદ કે કદરૂપી લાગે છે. તેમાંથી આપણો રસ ઉડી ગએલો હોય છે. આપણા મનોમય આદર્શો જ રૂપો અને કદરૂપો નિર્માણ કરે છે. આમાં આપણે અજ્ઞાનના નીચલા સ્તરેથી ઊર્ધ્વ સ્તરે જતા હો છો, પણ પ્રદેશ તો અજ્ઞાનનો જ હોય છે.

જ્ઞાનના પ્રદેશમાં તો તમને દરેક વસ્તુ દ્વારા પ્રભુનું સૌંદર્ય અને પ્રેમ વહેતો અનુભવાય છે. શ્રી અરવિન્દ આ કક્ષાએ જીવી રહ્યાં છે, તેથી તેમને કદરૂપતા અને ધૃણાસ્પદ વસ્તુ જગતમાં ક્યાંય જડતા નથી.

અજ્ઞાનના પ્રદેશમાં ભેદબુદ્ધિ હોય છે. તમે દરેક વસ્તુને પ્રભુથી અળગી કરીને જ જોતા હો છો. પણ જ્ઞાનનાં પ્રદેશમાં આ ભેદ-બુદ્ધિ ઓગળી જાય છે અને રહે છે અભેદ-બુદ્ધિમાત્ર, જેમાં તમને પ્રભુ અને વસ્તુમાં તફાવત જ જણાતો નથી. દરેક વસ્તુ સાકાર પ્રભુ લાગે છે, પ્રભુરૂપ લાગે છે.

તેથી અઢારમા વિચારસૂત્રમાં શ્રી અરવિન્દ જણાવે છે કે -

''પ્રભુએ મારી આંખો ખોલી આપી હતી, કેમ કે હવે મને નીચમાં રહેલી ઉચ્ચતા દેખાવા લાગી છે. ધૃણાજનકમાં રહેલી આકર્ષકતા દેખાવા લાગી છે. ખંડિતમાં રહેલી પૂર્ણતા દેખાવા લાગી છે. બીભત્સમાં રહેલી સુંદરતા દેખાવા લાગી છે'' (૧૮)

આ છે શ્રી અરવિન્દની બ્રહ્મદૃષ્ટિ.


## અપીલ

''સહજ-સત્સંગ'' એટલે પૂર્ણ ભાગવત કાર્ય. આ અમૂલ્ય સાહિત્ય હોઈ તેનું ચોક્કસ લવાજમ રાખવામાં આવ્યું નથી. છતાં આ કાર્યનો ખર્ચ પણ ઘણો આવે છે. આપ અમને સહાયરૂપે ઓછામાં ઓછા રૂા.૧૨૫/- મોકલી શકો. આ માત્ર લવાજમ ન ગણતા તે પ્રભુના કાર્ય માટે આપણું નજીવું ''અર્પણ'' છે અને તે આપણા જીવનમાં અધ્યાત્મ-માર્ગે વધુ પ્રગતિ માટે સાધનાનું અંગ પણ બની રહે છે. આપણે પ્રભુને આપેલું ''અર્પણ'' કરીએ.

અમારા આ કાર્યમાં આપનો સહયોગ મળતો રહેશે તેવી શ્રદ્ધા છે.

**- ટ્રસ્ટી મંડળ (''સહજ-સત્સંગ'')**

# સુંદર કથાઓ

- માતાજી

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## પ્રભુનું બાળક

(પૃ.૧૪૩-૧૪૪)

ઈઝરાઈલનો રાજા સોલોમન. તેના નાનપણમાં તેના પિતા ડેવિડ ગુજરી ગયા. બાળક સોલોમન રાજા બન્યો. તે રાજ્યકારભાર વિષે કાંઈ જાણતો નહોતો, પણ સ્વભાવે વિવેકી અને નમ્ર.

તેણે પોતાના પૂર્વજો અને તેના દેશના ભગવાનની સ્મૃતિમાં એક મંદિર બાંધવાનો સંકલ્પ કર્યો. તે માટે સીડાર વૃક્ષના ઈમારતી લાકડાની જરૂર પડી, તેથી તેણે તે પાસેના પર્વતની તળેટીમાં વાવ્યાં. સીડાર વૃક્ષો ધીમે ધીમે વધવા લાગ્યાં.

ત્યારે સોલોમનને એક સપનું આવ્યું. તેના સપનામાં પ્રભુ આવ્યા અને બોલ્યા : ‘‘સોલોમન, તારી જે કાંઈ ઈચ્છા હોય એ મારી પાસેથી માગી લે. તને હું તે આપીશ.’’

‘‘પ્રભુ, હું તો અબુધ બાળક છું, મને કાંઈ સમજાતું નથી. મને જ્ઞાન આપો, વિવેક આપો; જેથી હું મારા પિતા ડેવિડની જેમ ન્યાયી ઉદાર, લોકોનું હિત કરનાર ને સારો વહીવટ કરનાર રાજા બની શકું.’’

પ્રભુ, તેથી પ્રસન્ન થયાં બોલ્યા, ‘‘સોલોમન’ તેં ન માગ્યું વૈભવ, ન લાંબું આયુષ્ય ન સુખ, પણ તે માંગ્યું લોકોનું કલ્યાણ કરવા માટે જ્ઞાન અને વિવેક. તને ધન્ય છે. તને હું જ્ઞાન અને વિવેક તો આપું જ છું પણ સાથે સાથે ધનદોલત અને લાંબું આયુષ્ય પણ.’’

અને પ્રભુ અંતર્ધ્યાન પામ્યાં (પ્રભુ પાસે બાળક બનીને રહો એ જ હિતાવહ છે)

# વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

## સાચો શિક્ષક કેવો હોય છે ?

પ્રકરણ - ૧૯

(Lights for students - P. 101-103)

૧ શિસ્ત, આજ્ઞાંકિતતા, સુવ્યવસ્થા અને સંઘભાવના, રમતગમત ઉપરાંત સંસ્થાના કામમાં પણ તેટલા જ ઉપયોગી છે. પૃ.૧૦૧

૨ આ ગુણો બહુ ઓછા લોકો વિકસાવી શકે છે. પૃ.૧૦૧

૩ વ્યક્તિસ્વાતંત્ર્ય સાથે ઉપરોક્તગુણો વિરોધમાં આવતા નથી, પણ વ્યક્તિસ્વાતંત્ર્યનો સાચો ઉપયોગનો માર્ગ તે દર્શાવે છે. પૃ.૧૦૧

૪ યશસ્વી શિક્ષક થવા ઉપરોક્ત ગુણો ખૂબ જ જરૂરી છે. પૃ.૧૦૧

૫ આદર્શ શિક્ષકમાં નીચેનાં ગુણો ખાસ જરૂરી હોય છે :

(અ) તેણે સતત શાંત અને અવિચલિત રહેવું જોઈએ, ગુસ્સો કરવો જ ન જોઈએ.

(બ) આત્મવિશ્વાસ હોય છતાં પોતાના સમૂહમાંનું સ્થાન પણ ધ્યાનમાં રાખીને જ નમ્રતાથી વાત કરવી જોઈએ.

(ક) તેણે પોતે સતત વિકાસ કરવાનો છે તેની સભાનતા રાખવી જોઈએ.

(ડ) પોતાની ગુણવત્તાનું અભિમાન ન હોવું જોઈએ.

(ઈ) આધ્યાત્મિક દૃષ્ટિથી બધા સમાન છે એ ભાવ સતત જાગૃત રાખવો જરૂરી છે.

(ફ) જાગતિક સમજણ અને તેમાંથી વિકસેલી ઉદારતા અને સહનશીલતા હોવી જોઈએ. પૃ.૧૦૨

૬ આપણે પૂર્ણયોગનાં તત્ત્વો સમજાવતી વખતે તેમને માનસિક આદર્શો

(અનુ.પાના ૩૩ ઉપર)

# આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન ફેબ્રુઆરીનાં ૨૦૧૨ના Next Futureનો સાર - સાભાર)

## પ્રભુની પ્રતિકૃતિ : માનવ

સમજૂતી : કમલેશ માંડવિયા

મનુષ્ય માત્રમાં આપણી શુદ્ધ ભાવનાથી વિરુદ્ધ જ કંઈક જોવા મળે છે. આપણી દૃષ્ટિ સામાન્ય રીતે ખરાબ જ જોવા ટેવાયેલી છે, કારણ કે ચારેય બાજુએથી તે આપણને ઘેરી વળેલી છે. આ પ્રકારની ચોંકાવનારી બનતી ઘટના આપણને આપણા મૂળતત્ત્વ પાસે જવા પ્રેરે છે, જે મૂળભૂત રીતે શુદ્ધ અને સત્ય છે અને તેથી જ માનવજાતિના ખરાબ તત્ત્વોને સંતો-મહાત્માઓ હંમેશા વિશાળ દિલે માફ કરતા આવ્યા છે અને તેથી આ ખરાબ જ જોવાની આભાસી ભૂલને આપણે ગણકારતા નથી.

અનેક મહાન આત્માઓ આ પૃથ્વી પર આવીને કહી ગયા છે : 'માનવ તો ઈશ્વરની જ પ્રતિકૃતિ છે.'' પરંતુ આપણામાંનાં અમૂક લોકોને આ પ્રતિકૃતિ અપૂર્ણ લાગે છે. કારણ તેઓ માને છે કે અરીસો કાં તો ખોડખાપણવાળો છે અથવા તો તૂટેલો છે.

પરંતુ..... આપણી જાતથી સત્યને જ વળગી રહીએ અને આ જે સારી અને શુદ્ધ વસ્તુઓ છે તેને વધારે ને વધારે પ્રમાણમાં અગ્રભાગે આવવા દઈએ. તો આપણે ખાતરીપૂર્વક જોઈશું કે કાદવવાળા તળાવના પાણીમાં પણ એક પ્રકાશિત મેઘધનુષ બની આવ્યું છે.

# સુન્દરમ્ એટલે સુન્દરમ્

- હર્ષદ ઠકરાર

શ્રી સુન્દરમ્ વિશે એક સ્મૃતિગ્રંથ બહાર પડ્યો હતો, જેનું શીર્ષક હતું સુન્દરમ્ એટલે સુન્દરમ્. આ જ શીર્ષક શ્રી સુન્દરમ્‌ના જન્મદિન ૨૨ માર્ચ ૨૦૧૨ નિમિત્તે યોગ્ય અનુભવાય છે, કારણ કે સુન્દરમ્‌ને કોઈ પણ પ્રકારના વિભાગોમાં વહેંચી શકાય તેમ નથી.

સુન્દરમ્‌ના જીવનને વિવેચકો અને લોકોએ એકાંગી-સ્વરૂપે જોયા છે, અનુભવ્યા છે, કારણ કે તેઓએ સુન્દરમ્‌ના જીવનનાં સ્વરૂપો જુદા જુદા સમયે જે રીતે સુન્દરમ્‌ના સંપર્કમાં આવ્યા હતા તે રીતે પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા છે.

એક નદી તેના ઉગમસ્થળેથી નીકળી સમુદ્રને મળે ત્યાં સુધી જુદા જુદા પ્રદેશોમાંથી પસાર થઈને વહે છે. જુદા જુદા પ્રદેશમાં નદીના પાણીનો રંગ, નદી જે પ્રદેશમાંથી પસાર થાય છે તે પ્રદેશના માટીના, રેતીના વગેરે જેવો અનુભવાય છે. મૂળ સ્વરૂપે નદીના પાણીનો રંગ હોતો જ નથી. તે રીતે સુન્દરમ્‌ના સંપર્કમાં જુદા સમયે જે લોકો આવ્યા તે રીતે લોકોએ પોતાના મનોભાવરૂપે સુન્દરમ્‌ને અનુભવ્યા, જે તેમના ભાવરૂપે પ્રગટ કર્યા.

કોઈ વ્યક્તિ સુન્દરમ્ સાથે કવિ તરીકે પછી સાહિત્યકારરૂપે સંપર્કમાં આવી તો તેમણે સુન્દરમ્‌ના વ્યક્તિત્વને કવિ, સાહિત્યકાર તરીકે અભિવ્યક્ત કર્યું. કોઇ વ્યક્તિ સાધક તરીકે સુન્દરમ્‌ના સંપર્કમાં આવી તો તેણે સાધક તરીકે સુન્દરમ્‌ને અભિવ્યક્ત કર્યા.

મૂળ સ્વરૂપે સુન્દરમ્ જન્મથી તેમના દેહોત્સર્ગ સુધી નદીની જેમ જ એક જ ચેતનામાં જીવન જીવ્યા છે. સુન્દરમ્‌ના જીવનમાં કયા પ્રકારની ચેતના હતી તે સમજાવવા માટે આપણને શ્રી માતાજીએ આપેલ એક અવતરણ મદદરૂપ થાય છે.

“all is mute in being, but in the bosom of silence burns the lamp that can never be extinguished, the fire of an ardent aspiration to know and to live integrally Divine.”

- The Mother

''સ્વરૂપમાં બધું મૌન છે, પણ મૌનના હૃદયમાં સળગી રહ્યો છે કદાપિ ન ઓલવાય એવો એક દીવો, પ્રભુને સમગ્ર રીતે જાણવા અને જીવનમાં ઉતારવાની તીવ્ર અભીપ્સાનો અગ્નિ.''

- શ્રી માતાજી

સુન્દરમ્‌ના જીવન દ્વારા આપણને અનુભવાય છે કે સુન્દરમ્‌ના હૃદયના મૌનમાં અભીપ્સાઓનો ન બુઝાય એવો અગ્નિ હમેશા પ્રજ્વલિત હતો. આ અગ્નિની અનુભૂતિ આપણને સુન્દરમ્‌નાં લખાણો, તંત્રી તરીકે દક્ષિણાનું સંચાલન, તેમની સાથેના વાર્તાલાપો, શિબિર પ્રવચનો વગેરે દ્વારા થાય છે.

સુન્દરમ્‌માં અભીપ્સાનો અગ્નિ જન્મથી જ પ્રજ્વલિત હતો જ એટલે જ સુન્દરમ્ તેમની કિશોરાવસ્થામાં, ''હું બ્રહ્મ છું એવા ઉચ્ચ વિચારો ઉચ્ચ દશામાં લઈ જાય છે.'' એ વાક્ય લખી એક પાટિયા ઉપર ચોંટાડ્યું હતું, જે પાટિયું આજે પણ સુન્દરમ્‌ના જન્મસ્થળ મીયા માતર ગામે સુન્દરમ્‌ના રહેઠાણમાં સચવાયેલું છે.

સુન્દરમ્ તેમની શાળાકીય વિદ્યાર્થીકાળની અવસ્થા દરમ્યાન માતરથી આમોદ અભ્યાસ કરવા જતા હતા ત્યારે 'બુદ્ધના ચક્ષુ' કાવ્ય રચ્યું છે. આ જ દર્શાવે છે કે સુન્દરમ્‌ના મૌનમાં પ્રભુની પ્રાપ્તિ માટેની અભીપ્સાનો દીપક જલતો હતો.

સુન્દરમ્‌ના હૃદયમાં અભીપ્સાનો અગ્નિ જલતો હતો તેનું જીવંત ઉદાહરણ આપણને સુન્દરમ્‌ના જીવનમાંથી પ્રાપ્ત થાય છે. શ્રી અરવિન્દ આશ્રમમાં સુન્દરમ્‌ને શ્રી માતાજીએ આશ્રમના ડાઈનિંગરૂમમાંથી સાધકોને ઘરે ઘરે ટિફિન પહોંચાડવવાની, એઠવાડવાળી હાથલારી સાફ કરવાનું સોંપ્યું હતું. સુન્દરમ્ જેટલી સહજતાથી કાવ્ય-રચના કે સાહિત્યની કૃતિ માટે હાથમાં કલમ પકડતા હતા તેટલી જ સહજતાથી શ્રી માતાજી પ્રત્યેના સમર્પણભાવથી લારી સાફ કરવાનો ગાભો પકડ્યો હતો. સુન્દરમે પોતે ગુજરાતના મૂધર્ન્ય કવિ છે એવો ભાવ આવવા દીધો નહોતો.

સુન્દરમ્‌ના હૃદયના મૌનમાં અખંડિત અભીપ્સાનો અગ્નિ પ્રજ્વલિત હતો તે આપણને તેમણે રચેલા પ્રત્યેક શિબિર માટે અલગ અલગ શિબિર-ગાનો દ્વારા અનુભવાય છે. સુન્દરમે શિબિર-ગાનોમાં તેમના ક્રાન્તદર્શન દ્વારા

શિબિરાર્થીઓની ચેતનાને ઉત્ક્રાન્ત કરી આપેલ છે.

સુન્દરમ્‌ના જીવનને સમજવા માટે તેમણે સરદાર પટેલ યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં આપેલ વ્યાખ્યાનના અંશમાંથી પ્રાપ્ત થાય છે :

''..... આપણે જીવનની પૂર્ણ સિદ્ધિ જોઈતી હોય તો એક પરમ સંક્રાંતિ માટે, ઉત્ક્રાંતિને માટે, ક્રાંતિને માટે તૈયાર થવાનું છે. એક પરમ સાહસિકતામાં જન્મ પામવાનો છે.....''

સુન્દરમે ઉત્ક્રાંત થઈ શ્રી માતાજીની ચેતનાના ક્રાન્તદર્શન કરી પોતાની જાતનું સાહસિકતાપૂર્વક રૂપાંતર સાધ્યું હતું, જે આપણને સુન્દરમ્‌ના સાંનિધ્યમાં મૌન દ્વારા અનુભવાતું હતું.

સુન્દરમ્ હમેશા દિવ્ય-ચેતનાના નવજાત શિશુ જેવું જીવન જીવ્યા છે. સુન્દરમ્‌માં રહેલો આ શિશુભાવ આપણને સુન્દરમ્‌ના વ્યક્તિત્વમાં અનુભવાય છે. સુન્દરમ્ જેટલી સહજતાથી વૈભવી મોટરકારમાં મુસાફરી કરી શકતા હતા, તેટલી જ સહજતાથી બળદ ગાડામાં પણ મુસાફરી કરી શકતા હતા. સુન્દરમ્ જેટલી સહજતાથી શિબિરની વ્યાસપીઠ શોભાવતા હતા, તેટલી જ સહજતાથી શિબિરના સ્થળની પસંદગી નિમિત્તે રસ્તાકામના પથ્થરના ઢગલા ઉપર બેસી શકતા હતા. સુન્દરમ્ કોઈ પણ પ્રકારના ભૌતિક વૈભવ દ્વારા આકર્ષાયા નથી કે તેમણે ક્યારેય ભૌતિક વસ્તુનો અભાવ દર્શાવ્યો નથી. હમેશા શ્રી માતાજીની ઈચ્છાને સમર્પણ કર્યું છે.


સુન્દરમે જ્યારે 'ૐ પૂરિ'માં શિબિરો કરી હતી ત્યારે અત્યારના જેવી સુવિધાઓ પ્રાપ્ત ન હતી. પ્રાથમિક સુવિધાનો અભાવ હતો, છતાં પણ સુન્દરમ્ શિબિર શરૂ થવાના સમય પહેલા 'ૐ પૂરિ' પહોંચી જતા અને શિબિર પૂરી થયા બાદ બધું આટોપાય જાય ત્યારબાદ 'ૐ પૂરિ'માંથી વિદાય લેતા હતા. આ રીતે સુન્દરમે શ્રી માતાજીએ 'ૐ પૂરિ' માટે આપેલ મુદ્રાલેખને ચરિતાર્થ કરતા હતા.

''ૐ પૂરિ : પ્રભુ માટેનું નગર - જ્યાં આપણે પ્રભુ માટે અભીપ્સા કરીએ, પ્રભુ માટે જીવન જીવીએ, પ્રભુ માટે કાર્ય કરીએ.''

- શ્રી માતાજી

સુન્દરમ્‌માં રહેલ અભીપ્સાનો અગ્નિ જીવંત હતો. તે આપણને તેમની ફક્ત ચાર જ લીટીની પ્રાર્થના 'પ્રાથુ' દ્વારા અનુભવાય છે.

(અનુ.પાના ૪૦ ઉપર)



# શ્રી અરવિંદ

Her being conscious of its divine founts
Asked not from mortal fruity pain's relief,
Patched not with failure bargain of compromise.

Savitri B-1, C-2, P-19

## સાવિત્રીની મક્કમ ભૂમિકા

ભાવાનુવાદ

સ્વરૂપ તેનું સભાન બન્યું, અસીમ, દિવ્ય-ઉગમ વિષે,
તેથી ન માગણી કરી, દુઃખ દર્દનું નિવારણ જે દિશે.
ન ઝૂકી જીંદગી સામે, કમને ન તડજોડ કરી,
પણ હોંસભેર સાધના કરી, દિવ્ય-ઉગમનો સ્રોત ધરી.



# મલ્લિકાર્જુનમ્ (કૃષ્ણ નદી તીરે આંધ્રપ્રદેશ)

નિર્ગુણ અચલ ચેતના, અક્ષરબ્રહ્મ ગણાય,
તેનો સાક્ષાત્કાર અધુરો ગણી, સાધકે આગળ વધાય.
આદ્યાશક્તિ પરમેશ સહ, તે પુરુષોત્તમ રૂપ ગણાય,
તેનો સાક્ષાત્કાર ગણે, અંતિમ છેડો મનાય.
મલ્લિકા પાર્વતીરૂપ ગણી, અર્જુન સદાશિવરૂપ,
અર્ધનારી નટેશ્વર બને, મલ્લિકાર્જુને પરમ સ્વરૂપ.
સાધના પુરુષોત્તમની ગણે, કે પરમેશ્વરની કહેવાય,
કે મલ્લિકાર્જનની ગણી, એ અંતિમ ગતિ ગણાય.
આ જ ગુહ્યતમં શાસ્ત્રામ્, ગીતામાં કહ્યું બધો,
તેને સમજી પરા-ભક્તિના, પંથે ચાલો એમ વદે.
હિરક સુવર્ણ નિર્મળ અને, શુભ્ર, નીલ, હરિત,
પીત, સિંદૂરિયો, રક્તને, જાંબલી, શ્યામને કૃષ્ણ.
આ બાર પ્રભામંડળો, દ્વાદ્વશ જ્યોતિર્લિંગો ગણાય,
પોત પોતાનો વર્ણ કેન્દ્રે વસે, બીજા સહાયભૂત થાય.
અમરનાથ હિરક બને, ને ત્ર્યંબકેશ્વર સુવર્ણ પ્રકાશ,
અમલેશ્વર નિર્મળ જલ સમાન, કેદારનાથ શ્વેતની ઝાંય.
વિશ્વનાથ નીલ પ્રકાશને, મલ્લિકાર્જન હરિત પ્રભા,
પીત સોમનાથ લિંગ ગણે, સિંદુર રામેશ્વરનું લિંગ.
રક્તવર્ણ ભીમાશંકર વદે, જાંબલી વૈદ્યનાથ શિવ,
ઘૂશ્મેશ્વરને શ્યામ ગણે, કૃષ્ણ મહાકાળનું લિંગ.
આમ પ્રભા પલટતી, ક્ષણે ક્ષણ નવી ભાત,
શંકર ધ્યાને મગ્ન રહી, કરે નર્તન અભિજાત,
જ્યોતિર્લિંગો વિશ્વકિરણો બની, આપે વિશ્વને ઘાટ,
પ્રભુ સંકલ્પને સિદ્ધ કરવા મથે, એ નિશ્ચિત તેમનું કાજ.


**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રના પ્રકાશનો**

**સહજ સત્સંગ માસિક** www.aurogujarat.com > Journals & Ebooks > Sahaj Satsang
www.sriaurobindoashram.info>E-Library > Magazines > Sahaj Satsang (Gujarati)

**પુસ્તકો** www.sriaurobindoashram.info>E-Library > Disciples > Mansinh Chavda

E-mail ID : sahajsatsang@gmail.com

**સહજ-સત્સંગ**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper of INDIA
RNI No. 075948/23/22 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2014

DATE OF POSTING : 1st OF EVERY MONTH - **RAJKOT - RMS**